

# અધ્યાત્મ

વર્ષ : ૧   અંક : ૧૧   ઓગસ્ટ-૧૯૮૦

# બીજા વર્ષના લવાજમ અંગે

અમને નમ્રતાપૂર્વક જણાવતાં હર્ષ થાય છે કે અધ્યાત્મને તેના પ્રથમ વર્ષમાં જ લોકો તરફથી ઘણો પ્રોત્સાહક સહકાર મળ્યો છે. માસિકના પ્રારંભ વખતે જ કેટલાક મિત્રોએ આ માસિક શરૂ કરવામાં રહેલાં જોખમો પ્રત્યે શુભદૃષ્ટિથી ધ્યાન દોરેલું અને સાહસ ન કરવા જણાવેલું. તે માટે કેટલાક ખ્યાતનામ માસિકોનાં ઉદાહરણો પણ તેઓએ આપેલાં. પરંતુ પેલાં ધંધાદારી માસિકો ને 'અધ્યાત્મ'માં તફાવત એટલો જ કે–તેની પાછળનું ચાલકબળ પરમ પૂ. શ્રી યોગેશ્વરજી જેવા એક સંત અને ત્યાગી. તથા તેની પાછળ કોઈ આર્થિક લાભનો હેતુ નહિ. એટલે 'અધ્યાત્મ' ટકી શક્યું.

સપ્ટેમ્બર, ૮૦માં અધ્યાત્મનું પ્રથમ વર્ષ પૂરું થાય છે. એટલે ગ્રાહક ભાઈબહેનોને વિનંતિ કે તેઓ નવા વર્ષનું લવાજમ સવેળા ભરે ત્યારે પોતાનો જૂનો ગ્રાહક નંબર અવશ્ય જણાવે. એનાથી અમારું રિન્યુઅલનું કામ સરળ થશે.

ગયા વર્ષ દરમ્યાન કાગળનો ભાવવધારો અમને ઘણો નડ્યો. એને લીધે આર્થિક ભીંસ પણ આવી. છતાં ઈશ્વરકૃપાથી અમે તે સરળતાથી પાર કરી શક્યા.

આ વર્ષે પણ કાગળના ભાવ ઊંચા છે ને હજી તે કેટલા ઊંચા જશે તેની કલ્પના અત્યારે આવી શકે તેમ નથી. વળી આજના ભાવે આખા વર્ષની જરૂરિયાત એક જ સાથે લઈ લેવા જેવી આર્થિક સદ્ધરતા અમારી નથી. એટલે થોડા વિચારપૂર્વકના આયોજનના ભાગ રૂપ લવાજમનો દર ઓકટોબર ૧૯૮૦થી **રૂ. ૧૨ માંથી રૂ. ૧૫ કરવા વિચાર્યું છે. તે માટે ગ્રાહક મિત્રો ક્ષમા કરે.**

ગ્રાહકની સરળતા ખાતર લવાજમ સ્વીકારવાની વ્યવસ્થા જુદાં જુદાં શહેરોમાં આ પ્રમાણે રાખવામાં આવી છે. લવાજમ ભરનારે પોતાનો PIN CODE અવશ્ય જણાવવો.

[ શેષ ટાઈટલ ૩ જા ઉપર

**શતં જીવેમ શરદઃ જ શા માટે ?**
**તેથી પણ વધુ અનેક વર્ષો સુધી માનવતાની વાડીને મહેંકતી રાખવા ને વિશ્વના વાયુમંડળમાં સત્ય, પ્રેમ, દયા ને પરોપકારના ગુણોનું સદાય સિંચન કરવા, તેમ જ માનવને આત્મસાક્ષાત્કારના ધ્યેયની વિસ્મૃતિ ન થઈ જાય તે માટે સદાય 'આલબેલ' પોકારતા એવા આપનું જીવન ખૂબ ખૂબ દીર્ઘ બને એવી પ્રભુ પ્રત્યે અમો સહુની પ્રાર્થના.**
**શ્રી યોગેશ્વરજી.** જન્મ-તારીખ : ૧૫ ઓગસ્ટ ૧૯૨૧ના પ્રસંગે—



## બુઝાતા દીપમાં

—શ્રી ઈશ્વરભાઈ પટેલ

સંકોરી કોણ ગયું વાટ
બુઝાતા દીપમાં ?
સ્નેહ સીંચ્યું કોણે ફરી વાર
બુઝાતા દીપમાં ?

છાની ચોરી કોણ આવ્યું મધરાતે ?
પગલી પડી જુઓ હૈયાની વાટે !
કોણે જગાડી ફરી આશ;
બુઝાતા દીપમાં.

કોઈએ ન જોયું ને કોઈએ ન જાણ્યું !
આવ્યા વિણ જેનાથી જરી ના રહેવાયું.
વાયરાની વાગી ન થપાટ,
બુઝાતા દીપમાં.

શીતલ શો વાયરો મઘમઘતો વાતો,
ગાંડો થઈ સાગર લહેરાતો ગાતો,
કોણે મૂક્યું મોતી અણમોલ
તૂટેલી છીપમાં ?

સંકોરી કોણ ગયું વાટ
બુઝાતા દીપમાં.

રેશમી વસ્ત્રો જેમ વ્યક્તિનું બાહ્ય સૌંદર્ય વધારે છે,
તેમ સદ્ગુણો માણસનું આંતરિક સૌંદર્ય વધારે છે.

The New Vinod
Silk Mills Private Ltd.
Kasturchand Mills Estate, Dadar, Bombay
*Most trusted name for processing of polyester, Acrylic Polyester / Viscose Suitings & Shirtings & Top Dyed Suitings & all Varieties of Synthetic Fabrics*

જેમ કૂવો ઊંડો તેમ પાણી ખેંચવામાં મજબૂત એન્જીન જોઈએ. તેમ જીવનમાં ઊંડા ઊતરી ગયેલા દુર્ગુણો દૂર કરવા મજબૂત મનોબળ આવશ્યક છે.

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
શાંતિભાઈ કનેરીયા
ઓઈલ એન્જીનના ઉત્પાદકો
ઢેબર રોડ, રાજકોટ – ૩૬૦૦૦૧
ફોન નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૯૧૭

# ભંડોળ સહાયક યોજનામાં પ્રગતિ

મે, ૧૯૮૦થી શરૂ કરેલ ભંડોળ સહાયક યોજનામાં ઉત્તરોત્તર પ્રગતિ થતી રહે છે.

નવા નોંધાયેલ આજીવન સભ્યોનાં નામ આ પ્રમાણે છે :

| | | | |
|---|---|---|---|
| ૪૪. | શ્રી. ભગવાનદાસ જમનાદાસ ઠાકર | સુરત | રૂા. ૨૫૧ |
| ૪૫. | ડૉ. ઠાકોરભાઈ મોતીભાઈ ત્રિવેદી | સુરત | ૨૫૧ |
| ૪૬. | શ્રી. શાંતિલાલ વ્રજદાસ કડીવાલા | સુરત | ૨૫૧ |
| ૪૭. | કુ. શાન્તાબેન જી. ભટ્ટ | મુંબઈ | ૨૫૧ |
| ૪૮. | કુ. નિર્મળાબેન ત્રિવેદી | મોરબી | ૨૫૧ |
| ૪૯. | શ્રી. વિઠ્ઠલભાઈ કરસનદાસ પટેલ | અમદાવાદ | ૨૫૧ |
| ૫૦. | શ્રીમતી પ્રભાવતી મૂળશંકર જાની | વડોદરા | ૨૫૧ |
| ૫૧. | પરમ પૂજ્ય માતાજી જ્યોતિર્મથી | અમદાવાદ | ૨૫૧ |
| ૫૨. | શ્રી. ઈન્દ્રવદન મોહનલાલ શાહ | વડોદરા | ૨૫૧ |
| ૫૩. | પરમ પૂજ્ય શ્રી. સર્વેશ્વરી | વડોદરા | ૨૫૧ |
| ૫૪. | શ્રી. મગનભાઈ કાલીદાસ ભક્ત | કપુરા | ૨૫૧ |
| ૫૫. | શ્રી. દુર્લભભાઈ પરસોત્તમભાઈ ભક્ત | સ્યાદલા | ૨૫૧ |
| ૫૬. | શ્રી. બચુભાઈ ગોરધનભાઈ ભક્ત | કપુરા | ૨૫૧ |
| ૫૭. | શ્રી. ઈશ્વરભાઈ સીતારામભાઈ ભક્ત | મુસા | ૨૫૧ |
| ૫૮. | શ્રી. ઈશ્વરભાઈ પ્રભુભાઈ ભક્ત | કપુરા | ૨૫૧ |
| ૫૯. | શ્રી. વામનભાઈ કાલીદાસ ભક્ત | કપુરા | ૨૫૧ |
| ૬૦. | શ્રી. રમેશભાઈ નરસિંહભાઈ ભક્ત | કપુરા | ૨૫૧ |
| | પેટ્રન સભ્ય | | |
| ૩. | શ્રી. જીતુભાઈ ગાંધી | વડોદરા | રૂા. ૧૦૦૧ |
| ૪. | શ્રી. વલ્લભભાઈ હરિભાઈ પટેલ | સીંગોદ | ૧૦૦૧ |

# અધ્યાત્મ


આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

વર્ષ : ૧, અંક : ૧૧, છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂા. ૧૨-૦૦, વિદેશમાં રૂા. ૧૦૦-૦૦ (વિમાનથી)

**સંસ્થાપક :**
**પ. પૂ. યોગેશ્વરજી**
સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ
મણીનગર, અમદાવાદ-૮

**તંત્રી-સંપાદક :**
શ્રી નારાયણ હ. જાની

**સહસંપાદકો :**
શ્રી નાનુરામ દુધરેજિયા
શ્રી ભાઈલાલભાઈ છાટબાર
શ્રી મણિભાઈ સી. શાહ

**સલાહકાર મંડળ :**
શ્રી સર્વેશ્વરી
શ્રી રમણિકલાલ ભોગીલાલ શાહ (ભાવનગર)
શ્રી વિઠ્ઠલ પંડયા (મુંબઈ)
શ્રી બાબુભાઈ બ્હોરા (અમદાવાદ)
શ્રી જે. વી. શાહ (મુંબઈ)
શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)
શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગર)

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :**
'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી
સરદારનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**
નારાયણ હ. જાની

**મુદ્રણસ્થાન :**
સરસ્વતી પ્રીન્ટીંગ પ્રેસ
સ્ટેશન રોડ, ભાવનગર-૩૬૪૦૦૧


## 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવહેવાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિ:સંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

## અનુક્રમ


| | | |
|---|---|---|
| જીવનનો પુણ્ય પ્રવાસ | ૫ | શ્રી યોગેશ્વરજી |
| સદ્‌ગુરુની પરખ | ૭ | શ્રી બાબુભાઈ વ્હોરા |
| સ્વપ્નોમાં શું કામ સતાવો ? | ૧૨ | ઇન્દિરાદેવીના ભજનના આધારે |
| મૌનસાધના | ૧૩ | શ્રી ભાઈલાલભાઈ છાટબાર |
| શ્રીમદ્ રાજચંદ્રનાં બોધવચન | ૧૭ | સં. શ્રી જે. વી. શાહ |
| સાધકનાં લક્ષણ | ૧૯ | શ્રી કમલા ઠક્કર |
| ભાગ્ય ખરેખર | ૧૯ | શ્રી યોગેશ્વરજી |
| દેવ મામલતદાર | ૨૦ | શ્રી નર્મદાશંકર નૌ. મહેતા |
| ભક્ત જલારામની અક્ષય લાકડી | ૨૫ | શ્રી સૌભાગ્યચંદ રાજદેવ |
| શ્રી રામકૃષ્ણદેવનો કૃપાપાત્ર ભક્ત રાખાલ | ૩૦ | શ્રી નારાયણ હ. જાની |
| યોગ દર્શન | ૩૬ | શ્રી યોગેશ્વરજી |
| શ્રી કબીરજીનું તત્ત્વદર્શન | ૪૦ | પ્રા. શશિકાન્ત કોન્ટ્રાકટર |
| પ્રકાશને પંથે | ૪૭ | સં. દીપકભાઈ મહેતા |
| શવાસન, મકરાસન, દક્ષિણાસન | ૫૦ | શ્રી મણિભાઈ ચ. શાહ |
| શિવસંકલ્પ ઉપનિષદ | ૫૪ | પ્રિ. એસ. સી. પાઠક |
| છોટાઉદેપુરનાં સંસ્મરણો | ૫૯ | શ્રી સર્વેશ્વરી |



# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવનસહારો

વર્ષ : ૧ ઓગસ્ટ–૧૯૮૦ અંક : ૧૧


## જીવનનો પુણ્ય પ્રવાસ

શ્રી યોગેશ્વર

પ્રવાસનો પંથ અને એમાંય પર્વતીય પ્રદેશના પ્રવાસનો પંથ ધાર્યા જેટલો સરળ નથી હોતો. એમાં અનેક પ્રકારની આકસ્મિક અણધારી આપત્તિઓ આવે છે. પ્રવાસીને એમનો સસ્મિત સામનો કરીને એમાંથી માર્ગ કાઢવો પડે છે...... અમે બદરીનાથની યાત્રામાં જોશીમઠથી મોટરમાં આગળ વધ્યા ત્યારે સંધ્યાનો સમય સમીપ હતો. થોડી વારમાં તો સંધ્યાની સુરખી આકાશના આંગણમાં છવાવા લાગી. એવે વખતે પ્રવાસ કરવાનું પ્રવાસી ભાગ્યે જ પસંદ કરે. અમારા સાથીઓએ પણ સ્વાભાવિક રીતે જ પસંદ ના કર્યું. કિન્તુ મારી ઇચ્છા બદરીનાથ પહોંચી ને ત્યાંના પુણ્ય પ્રદેશમાં વિશ્રામ કરવાની હોવાથી સૌ મને કે કમને આગળ વધ્યાં. અમારી બંને ટેક્ષીઓ જોશીમઠથી નીચે ઊતરતી આગળ વધી. પાંચેક મિનિટનું અંતર કપાયું ત્યાં તો અમારા ટેક્ષી ડ્રાઇવરે ટેક્ષીને બ્રેક મારીને બૂમ પાડી કે 'ખતમ મરી ગયા !' એ ગભરાઈ ગયો, નાહિંમત બન્યો. સમીપવર્તી પર્વતપરથી એક મોટો તોતિંગ શિલાખંડ નીચે પડ્યો. અને અમારા માર્ગને રોકીને ઊભો રહ્યો. ડ્રાઈવરે જો સમય સૂચકતા વાપરીને બ્રેક ના મારી હોત તો એના આઘાતથી અમારી મોટરના ફુરચેફુરચા ઊડી જાત, અથવા મોટર નીચે ગંગામાં પડત.

બન્ને ટેક્ષીઓ રસ્તામાં અટકી પડી. આજુબાજુ અંધકારના ઓળા ઊતરવા માંડ્યા. હવે શું કરવું ? આગળ વધવાની મુશ્કેલી હતી.

અને એ પર્વતીય માર્ગે પાછળ પણ જઈ શકાય તેમ ન હતું. મેં સૌને પ્રાર્થના કરવાની સૂચના કરી. એવે વખતે પ્રાર્થના કોણ કરે ? સૌનાં મન વિક્ષિપ્ત હતાં. મેં શાંતિપૂર્વક સર્વેશ્વર પરમાત્મામાં શ્રદ્ધાભક્તિ સહિત, એમના અસાધારણ અનુગ્રહ માટે પ્રાર્થના કરી. ત્યાં તો એક ચમત્કાર બન્યો. હા, એને ચમત્કાર જ કહી શકાય. અમે જે પથ પરથી પસાર થઈ ને આગળ વધેલાં તે પર્વત પથ પર દૂર કેટલાક મજૂર જેવા માણસો દેખાયા. અમારી પ્રાર્થનાને માન્ય રાખીને એ દેવદૂતની જેમ અમારી પાસે પહોંચી ગયા. એમણે એમનાં ઓજારો-થી પેલા પાષાણખંડને પથની એક બાજુએ ખસેડી દીધો. એ પછી અમારી મોટરો આગળ વધી. મેં અને અન્ય સૌએ સર્વેશ્વર પરમાત્માનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો.

જીવનના પુણ્ય પ્રવાસનું પણ ઓછેવત્તે અંશે એવું જ છે. એ પુણ્ય પ્રવાસ સદાને સારુ સરળ, સુખસભર, શાંતિમય નથી હોતો. એમાં પારવિનાની પ્રતિકૂળતાઓ, પ્રલોભનો, પરિતાપો, પીડાઓ, આવ્યાં કરે છે. પાષાણો પથરાયા હોય છે કે પડે છે. એમાં મખમલની મુલાયમ જાજમો નથી બિછાવી હોતી. ગુલાબો કવચિત્ અને કંટક જ અધિક હોય છે. છાયા સ્વલ્પ અને તાપની માત્રા વિશેષ હોય છે. તો પણ જીવનનાં એવા જટિલ પુણ્ય પ્રવાસમાં નિરાશ થવાનું, ના હિંમત બનવાનું કે નાસીપાસ થવાનું નથી.

પારવિનાની પ્રતિકૂળતાઓ, પીડાઓ, પ્રલોભન વૃત્તિઓ અને અનેકવિધ અવરોધોની વચ્ચેથી પણ મનને બનતું મક્કમ કે મજબૂત રાખીને સર્વેશ્વર પરમાત્માનું શરણુ લેતાં ને સ્મરણ કરતાં આગળ વધીએ તો પ્રતિકૂળતાઓને પાર કરીને પ્રવાસને પ્રશાંતિપૂર્વક પૂરો કરી શકીએ. જીવનના જટિલ પ્રવાસને સાચા અર્થમાં પુણ્ય પ્રવાસ કરીએ.

✽



# સદ્ગુરુની પરખ

શ્રી બાબુભાઈ વ્હોરા

દરેક આત્મા પૂર્ણ છે ને પૂર્ણ થવા નિર્માયેલો છે. ‘Every soul is potentially Divine , સ્વામી વિવેકાનંદના એ શબ્દોમાં ઉપરના સત્યની અભિવ્યક્તિ જ જણાય છે.

આત્મામાં રહેલી શક્યતાઓને બહારની સહાયથી વેગ મળે છે. અને તે એટલે સુધી કે આ દુનિયાના મોટા ભાગના લોકોને બાહ્ય ગુરુની સહાયની જરૂર રહે છે. આ સહાય તે વ્યક્તિમાં રહેલી અંદરની શક્યતાઓને જગાડવાનું કામ કરે છે. તે પછી જ વિકાસ શરૂ થાય છે. સાચા આધ્યાત્મિક જીવનનો પ્રારંભ ત્યારે જ થાય છે. આ માર્ગે વિકાસ કરતા તે છેવટે પવિત્ર અને પૂર્ણ બને છે. પુસ્તકોનું વાંચન વિચારો ને સમજ પૂરી પાડી શકે, પરંતુ સાચા અર્થમાં ઉત્તેજક પ્રેરણા પૂરી પાડવાનું કામ તો સદ્ગુરુઓ જ કરતા હોય છે. એક જીવંત ચેતના જ બીજી ચેતનાને જગાડવાનું કામ કરી શકે છે. જેમ કે એક દીવો બીજા દીવાને.

બૌદ્ધિક વિકાસ માટે પુસ્તકોમાંથી ઘણી હકીકતો ને જાણકારી મળી શકે, પરંતુ સાચા અર્થમાં આત્મિક વિકાસ માટે તે બહુ ઉપયોગી બની શકતાં નથી. એક બુદ્ધિજીવી અભ્યાસ પછી, આત્મિક વિકાસ ઉપર ઘણું સરસ બોલી શકે. પરંતુ વ્યવહારમાં એને પોતાની દુખદ અપૂર્ણતાનો ખ્યાલ આવવાનો જ.

સદ્ગુરુ એ છે જે અન્ય વ્યક્તિને આત્મિક વિકાસ માટે પ્રેરી, માર્ગદર્શન પૂરું પાડે. પ્રેરણા ઝીલનારને આપણે પ્રચ-લિત વ્યવહારમાં શિષ્ય કહીએ છીએ શક્તિનો સંચાર કરાવનાર સદ્ગુરુમાં આવી સંચાર શક્તિનો—ને શિષ્યમાં એને ગ્રહણ

કરવાની, ઝીલવાની શક્તિ હોવી આવશ્યક છે. આથી જ કઠોપનિષદ્‌માં યમરાજાએ નચિકેતાને આત્માવિદ્યાનું જ્ઞાન આપતાં કહ્યું છે કે

आश्चर्यो वक्ता कुशलोऽस्य लब्धा ऽऽ
श्चर्यो ज्ञाता कुशलानुशिष्टः । (૨-૭)
न नरेणावरेण प्रोक्त एषः
सुविज्ञेयो बहुधा चिन्त्यमानः । (૨-૮)

આવા ઉત્તમ કોટિના સદ્‌ગુરુ મળવા દુર્લભ છે, તેમ ઉત્તમ શિષ્ય મળવો પણ એટલો જ કઠિન છે.

આત્મા વિષેનું સાચું રહસ્ય–આત્મદર્શી ગુરુ સિવાય બીજા પાસેથી ગમે તેટલી સારી રીતે શીખવા ને ઘણું ચિંતન કરવા છતાં પણ શિષ્યથી પામી શકાતું નથી.

કુદરતનો એક ગૂઢ નિયમ છે કે જ્યારે ક્ષેત્ર (ખેતર) તૈયાર થાય ત્યારે જરૂરી બીજ તેને ઈશ્વર મેળવી આપે છે. શિષ્યમાં ધર્મનાં રહસ્યો ને આત્માની અનુભૂતિ માટેની સાચી ભૂખ જ્યારે જાગે છે, ત્યારે પ્રભુ, સદ્‌ગુરુને તેની પાસે મોકલાવી આપે છે.

આ માર્ગમાં ઘણાં ભયસ્થાનો પણ રહેલાં છે. શિષ્યે સૌ પહેલાં એ જાણી લેવાની જરૂર છે કે તેનામાં ધર્મ માટેની જે જિજ્ઞાસા છે તે ક્ષણિક ઊર્મિ માત્ર તો નથી ને? જો એવું જ હશે તો આત્મિક વિકાસના માર્ગે તેની પ્રગતિ શક્ય નહિ બને.

એવી જ બીજી મહત્ત્વની જરૂરિયાત સાચા સદ્‌ગુરુ મેળવવાની છે. દુનિયામાં ગુરુનો ઝંડો લઈને ફરતા મોટા ભાગનાઓ અપરોક્ષ આત્માનુભૂતિથી વંચિત જ હોય છે. એટલે એમનો પણ ઉદ્ધાર નથી થતો કે શિષ્યોનો પણ.



આવા ગુરુઓનું વર્ણન ઉપનિષદ્‌માં આ પ્રમાણે કરવામાં આવ્યું છે :

अविद्यायामन्तरे वर्तमानाः
स्वयं धीराः पंडितं मन्यमानाः
दन्द्रम्यमाणाः परियन्ति मूढाः
अन्धेनैव नीयमाना यथान्धाः । કઠ. ઉપ.

અવિદ્યામાં રમતા છતાં પોતાની જાતને પંડિત માનતા-મનાવતા આવા ગુરુઓ, મૂઢોની જેમ જન્મમરણના ચક્કરમાં ફર્યા કરે છે. એવા ગુરુ-શિષ્યોની સ્થિતિ, એક આંધળો બીજા આંધળાને દોરે એના જેવી છે.

તો સદ્‌ગુરુની પરખ શી રીતે કરવી?

એ સુવિદિત છે કે જેમ સૂર્યને જોવા માટે બીજા કોઈ બાહ્ય પ્રકાશની જરૂર નથી પડતી, એમ સાચા સંત કે સદ્‌ગુરુની ઓળખાણ સ્વયંભૂ રીતે જ થઈ જાય છે. યોગ્ય પાત્રતાવાળા શિષ્યની પાસે જ્યારે સદ્‌ગુરુ આવી ચઢે કે મળી જાય છે, ત્યારે એના આત્માને આપોઆપ એની પ્રતીતિ થઈ જાય છે, જે એના સમસ્ત અસ્તિત્વને આવરી લે છે.

સદ્‌ગુરુ વિષે નિર્ણય કરતાં પહેલાં શિષ્યે એ જાણી લેવાની જરૂર છે કે તેઓ શાસ્ત્રોનાં રહસ્યોના જાણકાર છે ખરા? શબ્દોની જાળમાં ફસાયા સિવાય, ગ્રંથના આત્માને જાણી લેવું–એનું જ નામ રહસ્ય જાણવું છે. બાકી શાસ્ત્રોના શબ્દાર્થોનાં જંગલો તો એવાં મોટાં ને વિકટ છે કે તેમાં પંડિતો ખોવાઈ જાય છે ને જીવનનું આત્મસાક્ષાત્કારનું પરમ ધ્યેય વિસરી જઈ જીવન વેડફી નાખે છે. બાકી સાચી વાત તો એ છે કે વિશ્વના જે મહાન ધર્મગુરુઓ થયા, તેઓમાંના ઘણાઓ શાસ્ત્રો ભણ્યા જ ન હતા. છતાં એઓ જે બોલ્યા ને જીવ્યા તે શાસ્ત્રો બની ગયા.

સદ્ગુરુ માટેની બીજી આવશ્યકતા–પૂર્ણ પવિત્રતા ને નિષ્પાપીપણું છે વિદ્યાલયોમાં ગણિત, રસાયણ કે ભૌતિક વિજ્ઞાનના વિષયો શીખવતા પ્રાધ્યાપકો પવિત્ર કે નિષ્પાપી છે કે કેમ તે જાણવાની આવશ્યકતા નથી, પરંતુ જો આધ્યાત્મ-વિદ્યા શીખવાની હોય તો જેમની પાસેથી એ શીખવાની છે તે પવિત્ર અને નિષ્પાપી છે કે કેમ તે જાણવાની ખૂબ જરૂર છે. કારણકે આત્માનો સાચો પ્રકાશ અપવિત્ર વ્યક્તિઓમાં ટકતો જ નથી. વળી અપવિત્ર કે પાપી માણસો કદી ઈશ્વરને જોવા શક્તિમાન થતા નથી. આથી જ ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું છે કે :

तद् विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया
उपेदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनः तत्त्वदर्शिनः

પરમ જ્ઞાનની પ્રાપ્તિ કેવળ જ્ઞાનીઓ પાસેથી નહિ, પરન્તુ તત્ત્વદર્શી (આત્મદર્શી) મહાપુરુષો પાસેથી જ થાય છે.

ધન, કીર્તિ કે પદપ્રતિષ્ઠામાં સાચા સદ્ગુરુઓ કદી ફસાતા નથી. તેઓનો શિષ્યો પ્રત્યેનો વ્યવહાર કેવળ પ્રેમાધારિત જ હોય છે. તેઓ ભૌતિક લાભો સાથે કદી જોતા જ નથી. શિષ્યની પાત્રતા ને પ્રેમ–સદ્ગુરુની કૃપા પ્રાપ્ત કરવામાં કારણભૂત બને છે. સાચા સદ્ગુરુના હાથમાં શિષ્યનું જીવન વિકાસના માર્ગે સલામત બને છે. એટલે સદ્ગુરુ માટે ગમે તે વ્યક્તિને પસંદ ન જ કરી શકાય.

ધર્મની બાબતમાં આંખ ઉઘાડનાર ગુરુ સાથે આપણો સંબંધ પિતાપુત્ર સમાન છે. ગુરુ તો આધ્યાત્મિક પૂર્વજ છે અને શિષ્ય એમનો વંશજ. શિષ્યમાં વિનય, નમ્રતા, શ્રદ્ધા, ને સેવાની ભાવના હોવી જોઈએ, કારણકે ધર્મપ્રાપ્તિ શ્રદ્ધા વગર થતી નથી અને સાચી જિજ્ઞાસા, નમ્રતા ને સેવા



સિવાય ગુરુનો અનુગ્રહ મળતો નથી. આવા ઉત્તમ ગુરુ પાસેથી મળેલ અનુભૂતિનું જ્ઞાન જ સર્વશ્રેષ્ઠ છે.

न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते
तत्स्वयं योगसंसिद्धः कालेन आत्मनि विन्दति ।

અને આવા જ્ઞાનની પ્રાપ્તિ સદ્ગુરુની કૃપા વડે, શિષ્યને યોગ્ય સમયે પોતાનામાં જ થાય છે. આથી સદ્ગુરુ પાસે જાઓ ત્યારે તમારું હૃદય ખુલ્લું રાખો. ગુરુમાં ઈશ્વરભાવ રાખવાથી શિષ્યને ઘણી શક્તિ મળશે. જેમ જેમ ગુરુમાં તમારો ઈશ્વરભાવ દૃઢ થતો જશે, તેમ તેમ ગુરુ તમારે માટે મનુષ્ય મટી ઈશ્વરસ્વરૂપ બની રહેશે ને ગુરુના માધ્યમ દ્વારા જ ઈશ્વર તેમને પ્રેરણા ને માર્ગદર્શન પૂરાં પાડશે. આથી તમારું હૃદય ખુલ્લું રાખો ને નમ્રતાપૂર્વક ગુરુનું શરણ સ્વીકારો. પછી જ તમને સમજાશે કે કેવાં અદ્ભુત આધ્યાત્મિક રહસ્યોની અનુભૂતિ કરવા તમે શક્તિમાન બન્યા છો ?

એ સાચું છે કે આવા અતિ થમર્થ ગુરુઓની સંખ્યા દુનિયામાં અતિ સ્વલ્પ હોય છે. પરંતુ કદી પણ તેઓનો સાર્વત્રિક અભાવ હોતો નથી. સદ્ભાગ્યશાળી શિષ્યો આવા ગુરુનું માર્ગદર્શન ને મેળાપ પામવા શક્તિશાળી બને છે.

ધર્મની પરિસમાપ્તિ અનુભૂતિમાં રહેલી છે. આ અનુભૂતિના ક્ષેત્રમાં લઈ જવાનું કામ સદ્ગુરુ કરતા હોય છે. જ્યાં લાખો રૂપિયા ખર્ચે કે અનેક જન્મો સુધી પ્રયાસો કર્યા છતાં પહોંચાતું નથી, ત્યાં સદ્ગુરુની સહાયથી સરળતાથી પહોંચી શકાય છે. એટલે ગુરુનું ઋણ શિષ્યને માથે એ કદી ફેડી ન શકે તેટલું મોટું છે. છતાં સદ્ગુરુ કેવળ પ્રેમ અને એમનાં વચનોમાં વિશ્વાસ સિવાય બીજું કશું જ માંગતા નથી. અથવા કદીક કંઈ માંગતા દેખાય તો તેની પાછળ શિષ્યની આસક્તિ ને સંગ્રહવૃત્તિ છોડાવવાની ભાવના જ કામ કરતી હોય છે–નહિ કે પોતાના માટે કંઈ પ્રાપ્ત કરવાની.

આપણે સદ્ગુરુને ચમત્કારો કરનાર સાધુઓ સાથે ભેળવી ન દેવા જોઇએ. હવામાં ઊડવું, પાણી ઉપર ચાલવું, ભૂતપ્રેતોને બોલાવવાં, મનની વાતો જાણવી ને કહેવી, હવામાંથી પદાર્થો કાઢવા–આ અને આવા બીજા ચમત્કારોને સાચા અર્થમાં આધ્યાત્મિકતા સાથે બહુ લેવાદેવા નથી. આ બધી શક્તિઓ વિવિધ વિદ્યાઓની ઉપાસના દ્વારા પ્રાપ્ત થતી હોય છે. એનો જાણનાર, સાચા અર્થમાં ધાર્મિક હોય કે ન પણ હોય. એટલે જેણે મનને જીત્યું હોય, જે નિર્બળ છતાં સરળ અને પ્રેમાળ હોય, ઊંચામાં ઊંચી આત્મિક સ્થિતિ પ્રાપ્ત છતાં જે અતિ નમ્રતા ધારણ કરતો હોય, વિકાર, વાસના કે ખોટી વૃત્તિઓના શિકાર બનેલા ન હોય, એવા પવિત્ર ગુરુનાં પગલે પગલે આ ધરતી તો ધન્ય બનતી હોય છે. પછી શિષ્ય ધન્ય બને એમાં શું નવાઈ?

❊

## સ્વપ્નોમાં શું કામ સતાવો ?

હે શ્યામ, સ્વપ્નોમાં શું કામ સતાવો ?
ભૂલ્યા રાગ ફરી સુણાવી, પ્રાણે પીડ શું કામ જગાવો ?
પ્રેમ સુધાના સાગર તમ તો, જનમ જનમની હું છું પ્યાસી
મન વ્યાકુળ છે, તરસી આંખો, દૂર ઊભા શાને મલકાઓ ?
સ્વપ્નોમાં શું કામ સતાવો ?

તમે ગગન તો હું છું વાદળ, છોડી તમને જાઉં કહાં ઓ ?
ચિત્ત ચોરાયું, તૂટયું બંધન, હવે, ઠગીને કયાં સંતાઓ ?
મીરાના મોહન નિર્મોહી, તમે રૂઠો તો કોણ ઉગારો ?
ઘણું થયું પ્રભુ ! હારી ગઈ હું, શું કામ મને તલસાવો ?
–સ્વપ્નોમાં શું કામ સતાવો ?

(શ્રી ઇન્દિરાદેવીના ભજનના આધારે)



# મૌનસાધના

ભાઈલાલભાઈ છાટબાર

**મૌન માટે આવશ્યક સંયમ :**

મૌન, વિચાર, વાણી અને વ્યવહારનો સંયમ માગી લે છે. મૌનની સાધનાના ઇચ્છુકે ખાસ જરૂર સિવાય અન્ય વિચાર કરવા કે ખાસ જરૂરી વાતો સિવાય અન્ય વાતો કરવી કે સાંભળવી જોઈએ નહિ. તેણે અત્યંત આવશ્યક વિષય વિશે જ પૂછવું જોઈએ. તેને કોઈ પ્રશ્ન પૂછે તો ઉત્તર શકય એટલો સંક્ષિપ્ત હોવો જોઈએ. પૂછેલ પ્રશ્નનો ઉત્તર પણ આવશ્યક લાગે તો જ આપવો જોઈએ. તેણે બીજાના પૂછયા વગર વાત ન કરવી જોઈએ.

**મૌનના લાભ :**

મૌન સહજ રીતે અમધુર સંભાષણમાંથી, સત્યથી વેગળી વાતોના ઉચ્ચારણમાંથી વધારે પડતા વાણીવિલાસમાંથી બચાવે છે. મૌન ઊર્મિઓના આવેગો અને ઉત્તેજનાઓને તેમ જ સંવેદનોની અરાજકતાને નિયંત્રિત કરવામાં સહાય કરે છે. શારીરિક પીડા અને માનસિક સંતાપ વખતે મૌનનું પાલન શાન્તિદાયક બની રહે છે. મૌનથી ઘણો સમય બચે છે અને આત્મસાધન માટે તે સમયનો સદ્ઉપયોગ થાય છે. મૌન દરમિયાન જપ, પ્રાર્થના, ઈશ્વરસ્મરણ, સદ્વિચારો અને સદ્ગ્રન્થોનું સેવન વગેરે થાય છે. મનની વેરવિખેર શક્તિઓનું કેન્દ્રીકરણ કરવામાં મૌન ઘણી સહાય પહોંચાડે છે. મૌન શાન્તિનો પ્રસાદ લઈ આવે છે, જે શાન્તિ ધન, સત્તા કે પ્રતિષ્ઠા કદી આપી શકતાં નથી.

**મિતભાષિતા :**

મિતભાષિતા એ મૌનની પાર્શ્વ ભૂમિકા છે. મુખરિત–વાચાળ વ્યક્તિ પોતાની શક્તિનો અતિ વ્યય કરે છે. લાંબા

લાંબા સંભાષણો, નિરર્થક ચર્ચાઓ અને અહંમૂલક વાક્પટુતાના આડંબરી પ્રવાહો મનના મૌન માટે બાધક છે. વિશિષ્ટ ગ્રન્થોનો આવશ્યક પરિચય સમાનધર્મી સાધક-મિત્રોને તે ભલે આપે, પરંતુ તાર્કિક ચર્ચાઓથી તો તેણે હંમેશ દૂર જ રહેવાનું છે. માહિતી-નિષ્ણાત હોવાનું પ્રદર્શન કરવાની વૃત્તિથી તેણે હંમેશાં બચીને ચાલવાનું છે. શક્ય હોય એટલું ઓછું બોલવાનું છે. કેટલીક વ્યક્તિઓ મૌન છોડતાં બહુ વાચાળ બની જાય છે. મૌન છોડ્યા પછી પણ મિતભાષી બની રહેવાનું જરૂરી છે. મૌનના બે સમયગાળા વચ્ચે મિતભાષિતાને વરનાર ઉપર શાંતિનું વરદાન ઊતરે છે. સત્યવાદિતા માટે પણ મિતભાષિતા અતિ આવશ્યક છે.

**મૌન-માનસ તપ :**

મૌન એ માત્ર વાણીનું નહિ પરંતુ મનનું તપ છે. તે મનને ઠંડું કરે છે. મૌનપાલન વખતે કાગળ-પાટીમાં લિખાપટ્ટી કરી વાત કરવી એ કેવળ વાણીનું મૌન બની રહે છે. વાણીનું મૌન ક્રમે કરી મનના મૌન તરફ લઈ જનારું હોવું જોઈએ. શબ્દોચ્ચારના અભાવરૂપી મૌનમાંથી મનની નિર્વિચાર સ્થિતિ તરફ લઈ જતું મૌન એ કોઈ અભાવાત્મક ચીજ નથી. મૌન પાછળ તો ઘનીભૂત ચેતનાનો સાગર વિલસી રહેલો હોય છે. મન-બુદ્ધિની મર્યાદાના પરિઘ તૂટી જતાં સાંપડતું ચેતનાનું સુમધુર સ્મિત એ મૌનસાધનાનું મહામૂલું મોતી છે.

**તટસ્થતા :**

તટસ્થતા એ મૌનકાલીન અવલોકન માટેનો સુસ્થિર માપદંડ છે. મૌન દરમિયાન દોટંદોટ કરતા મનને નિશ્ચિન્તતા-પૂર્વક નીરખવું અને મનને, વિચારોની એક ડાળી પરથી બીજી ડાળી પર નાચતું-કૂદતું પ્રત્યક્ષ દેખવું, એ એક અદ્ભુત અનુભવ છે. આવા સમયે જ વિચારોનું અવલોકન અને



પૃથક્કરણ, વૃત્તિ-વિચારોનું નિરસન અને વિવેકપૂર્ણ આત્મ-નિરીક્ષણ કરી શકાય છે. બધા વિચારોને પ્રત્યક્ષ જોઈ શકાય, તેનું સંસ્કરણ કરી ફેરવી શકાય અથવા તેને બંધ કરી શકાય, એવી તટસ્થ દૃષ્ટિ ઉત્પન્ન થતાં આનંદનો અનુભવ થાય છે. આ આનંદ-અનુભવને બધી પરિસ્થિતિમાં કાયમ અને વ્યાપક બનાવવા માટે સારાસાર અને નિત્યાનિત્ય પારખવા વિવેક-બુદ્ધિ જરૂરી છે. પાર્થિવ વસ્તુજન્ય આભાસી સુખોને છોડી દેનાર શાશ્વત નિત્યનિરંતર સુખોનો એટલે કે 'પરમ'ની પ્રાપ્તિનો અધિકારી બની શકે છે.

**મનનું મૌન :**

કોઈ પ્રશાન્ત સ્થળે એકાંતમાં બેસીને મૌનનો આશ્રય લઈને સાધકે શાંતિસાગરમાં ડૂબકી લગાવવાની છે અને અંતરના અંતરતમનું મૌન વડે પ્રક્ષાલન કરવાનું છે. મનના મૌનમાં જ—મન અ-મન થઈ જતાં—દર્શનનો પ્રારંભ થાય છે. મનની ઉપસ્થિતિમાં અતીન્દ્રિય દર્શન અસંભવ છે. નામ-રૂપ અને દેશકાળરૂપી મનની માયાના મૃગજળના ખેલથી પર થતાં અને મનના મૌનમાં અતીન્દ્રિય દ્વાર ખુલી જતાં, સમસ્ત સાધનાના સારરૂપ 'પરમ' એક માત્ર બાકી રહી જાય છે અને ત્યારે નામ-નામસ્વરૂપો, છાયા-પ્રતિચ્છાયાઓ સર્વ કંઈ લય પામી જાય છે તથા બધાં દૃશ્ય શાન્ત થઈ જાય છે. ભૂતકાળની સ્મૃતિઓ અને ભવિષ્યનાં સ્વપ્નો, એ બંનેમાંથી મનને મુક્તિ મળી જાય છે.

મનનો સંપૂર્ણ લય એ દર્શનનું અધિષ્ઠાન અને પ્રારંભ-બિન્દુ છે. આ પ્રકારના દર્શન વખતે સમગ્ર અસ્તિત્વ ચૈતન્યસભર સંપૂર્ણતાથી ભરપૂર બની રહે છે. આ સહજ સંપૂર્ણતા પછી તો શ્વાસપ્રશ્વાસની સાથે સુસંવાદી તાલ દેવા લાગે છે.

**સહજ સ્વયંભૂ શાન્તિ :**

સહજ સ્વયંભૂ શાન્તિ એ મનના મૌનમાંથી પરિણમેલું ફળ છે. અંતરંગ મૌન સ્થાપિત થતા જીવનમાં પળે પળે એક શબ્દાતીત આનંદનો અનુભવ સતત ચાલુ રહે છે. મૌન દ્વારા પ્રાપ્ત થતો આનંદ સંસારનું રૂપ બદલી દે છે. મૌનનું સંવાદમય સંગીત અંતરના અંતરતમમાં ચૈતન્ય સાથે સમરસ બની જતાં જીવન સાર્થક અને ધન્ય બની રહે છે. અત્યાર સુધી મન અને બુદ્ધિની સીમાઓમાં બદ્ધ બની રહેલ ખંડજીવન, મૌન સિદ્ધ થતાં, અખિલાઈનું સ્વરૂપ ધારણ કરે છે. મૌનીને માટે અનુકૂળ પ્રતિકૂળ, સકામતા–નિષ્કામતા જેવું કંઈ રહેતું નથી. જીવન સહજભાવે જીવવામાં જ જીવનની પરિપૂર્ણતાનો અનુભવ થાય છે. મૌન દ્વારા અંતર્મુખ બનતાં, બહુ બહુ દિવસોથી પરદેશી બનેલું મન સ્વઘરે પાછું ફરે છે અને નિજ ઘરને પામે છે.

**મૌન-ઉપલબ્ધિ :**

મૌનમાં રહેવું, મૌનમાં સ્થિર થવું અને મનમાં જીવવું —એ મૌનની ક્રમિક ત્રણ અવસ્થાઓ છે. મૌનમાં જીવવાની ચરમ કક્ષાએ, વિશ્વનું નિગૂઢ મૌન પોતે આ પાર્થિવ દેહની અંદર સ્પંદિત અને આંદોલિત થઈ ઊઠે છે. ચિન્મયના નિગૂઢ મૌનનો આમ સંપર્ક સધાતાં અને તેનું મૌન છોડાવતાં, તે અવારનવાર વાત કરવા લાગે છે. પરિણામ સ્વરૂપ, અંતરના અંતરતમમાં અમૃતધારા હિલોળા લેવા લાગે છે. એક સમય બિન્દુ પર જ્યારે શબ્દરૂપી પરિધાનો દૂર થઈ જાય છે અને મૌનરૂપી વસ્ત્ર ધારણ થાય છે ત્યારે મૌન વાણીથી પણ વધારે મુખરિત બની રહે છે. ચિન્મયતા નિગૂઢ મૌનને સ્પંદિત અને આંદોલિત કરી દેનાર પાર્થિવ મનુષ્યના મૌનની



ભાષા પછી તો સર્વશક્તિમાન પરમાત્માની ભાષા બની રહે છે.

આવું—ધરતી જેનાથી ધન્ય બની રહે તેવું—ફળદાયી મૌન સત્યનો દીવો પ્રકટાવે છે અને મનુષ્યમાં જે અનશ્વર લાવણ્ય છે, તેની અમર જ્યોતનો પ્રકાશ-પુંજ સદાકાળ માટે રેલાવે છે.

❋

# શ્રીમદ્ રાજચંદ્રનાં બોધવચન

સંગ્રાહક : શ્રી જે. વી. શાહ

ધ્યાનના ઘણા પ્રકાર છે, પરંતુ આત્મા જેમાં મુખ્યપણે વર્તે તે ધ્યાન શ્રેષ્ઠ છે. પરંતુ આવું શ્રેષ્ઠ આત્મધ્યાન આત્મજ્ઞાનના વિવેક વિના શક્ય નથી. તો આવો આત્મજ્ઞાનનો વિવેક કે યથાર્થ બોધ-બોધસ્વરૂપ જ્ઞાની પુરુષોના આશ્રય કે સત્સંગ વગર પ્રાપ્ત થતો નથી.

આ જીવન એ અનંત જીવનના ભાગરૂપ છે. અને જીવને અનંતકાળમાં ઘણી વાર જ્ઞાની પુરુષનો ભેટો પણ થઈ જાય છે. પરંતુ એમનાં વચનોમાં વિશ્વાસ અને "એમનો આશ્રય કરવો" એ જ જીવન કર્તવ્ય છે. એવી દૃઢ પ્રતીતિના અભાવે, આ જીવને જન્મમરણના પરિભ્રમણમાં અટવાવું પડે છે.

આવા જ્ઞાની પુરુષોનો ભેટો જીવનમાં થતો હોવા છતાં જીવના ત્રણ દોષોને કારણે એમની સાચી ઓળખાણ થતી નથી એમાં પહેલો દોષ છે- પોતે બધું જાણે છે, સમજે છે એવો જ્ઞાનનો અહંભાવ.

બીજો દોષ છે– અનાત્મ પદાર્થોની પ્રાપ્તિને પરિગ્રહાદિમાં, જ્ઞાની પુરુષો કરતાં પણ વિશેષ રાગ કે આસક્તિ. અને છેલ્લો દોષ છે: લોકલાજ કે લોકભયને લીધે સત્યાચરણથી વિમુખ રહેવું.

ઘણા મોટા ભાગના માણસોમાં થોડું પણ વાંચે કે વિચારે તેને બીજાઓ સમક્ષ પ્રદર્શિત કરવાની વૃત્તિ રહેલી હોય છે. એ સમજતા નથી કે સત્પુરુષો અગર અનુભવસિદ્ધ જ્ઞાનીઓને સમજવાની તેમની શક્તિ મર્યાદિત છે. ને શ્રદ્ધા તથા સત્સંગ વગર સદ્ગ્રંથો, શાસ્ત્રો કે સંતોને સમજવાની શક્તિ તેમને પ્રાપ્ત થતી નથી.

સત્પુરુષોને, તમારા પ્રત્યે, તમને પરમાર્થની કોઈ પણ પ્રકારે કંઈ પણ પ્રાપ્તિ થાઓ એ હેતુ સિવાય બીજી કોઈ સ્પૃહા નથી, એની સમજ ઉપરોક્ત દોષોને લીધે જીવને પૂરેપૂરી થતી નથી. એટલે એ દિશામાં એ પ્રયત્નપૂર્વક આચરણ પણ કરતો નથી.

આથી આ ત્રણે દોષો ઓછા થાય, પરિગ્રહાદિમાં આસક્તિ ઘટે અને લોકાપવાદના ભયે સત્યાઆચરણમાં પીછેહઠ ન થાય તેમ જ ગુરુનાં વચનોમાં શ્રદ્ધા એ જોવા શ્રીમદ્ રાજચંદ્રે–સાધકોને ખાસ ભલામણ કરી છે.

(શ્રીમદ્ રાજચંદ્રનાં બોધવચનોના આધારે)

❋



## સાધકનાં લક્ષણ

(રાગ–વૈષ્ણવ જન તો–લાવણી)

સાધકનાં લક્ષણમાં પે'લાં, વિવેક પ્રકટ જણાયે રે;
સંસારે જળ કમળવત્ જીવે, નિર્લેપી એ સદાયે રે.

પરિવર્તન છે મનનું મોટું, તન ને જગસુખ ભાસે ખોટું;
ઉપરનું ના તજે કંઈ પણ, અંદર સર્વ તજાયે રે.

રાગની રાખ કરી ઉડાડી, ખીલે ન પાછી મમતા વાડી;
વિણ ભગવાં વૈરાગ્ય સત્ય એ, સુંદર શોભિત કાયે રે.

શમ, દમ, ઉપરતિ અને તિતિક્ષા, જિંદગીમાં એ ખરી પરીક્ષા;
શ્રદ્ધા સમાધાન વૃત્તિએ, પવિત્ર દિલ પરખાયે રે.

અંતે બંને મુમુક્ષુ જીવ એ, એક જ ઇચ્છા થાવા ઇશ રે,
અનેક અનુભવ લઈ દુનિયામાં, માનવ પૂર્ણ મનાયે રે.

–કમલા ઠક્કર

## ભાગ્ય ખરેખર

દરેક વખતે તમે તમારું લઈ અલૌકિક રૂપ,
પ્રકટ થાવ છો આ પૃથ્વીપર સુંદર પૂર્ણ અનૂપ.
નિયમ નથી કૈં એવો કોઈ, સ્વતંત્ર પૂર્ણ તમે,
જે ધારો તે રૂપે પ્રકટો, જાણ્યું એમ અમે.

સાધારણ રૂપમહીં વારંવાર તમે આવો,
સામાન્ય બનીને આ જગમાં આવો ને જાઓ.
અલૌકિક ધારી રૂપ સદાયે અવતાર તમે લો,
નિયમ નથી કૈં એવો કોઈ, જગને જીવન દો.

રૂપ તમારું બડભાગી ને વિરલા કોઈ હોય,
તે જાણે ને માણે પામી કૃપા તમારી કોય.
પાગલ બનતા જાણી લીધાં, કર્યો તમોને પ્રેમ,
ભાગ્ય ખરેખર મારું માનું, વરદાન ગણું તેમ.

–શ્રી યોગેશ્વરજી

# દેવ મામલતદાર

શ્રી નર્મદાશંકર નો. મહેતા

આખાએ દક્ષિણમાં એક મહાસંત તરીકે દેવ મામલતદારનું નામ ઘેર ઘેર જાણીતું છે. વૃદ્ધો ને માતાઓ તેની કથા બાળકોને કહી સંતોષ પામે છે. મામલતદારનું બાળપણનું નામ યશવંત હતું. ભૂખ્યાને અન્ન આપવું, વસ્ત્રહીનને વસ્ત્રો અપાવવાં, નિરાધાર કે રોગીની સેવા કરવી, તે બાળવયથી જ યશવંતના જીવનનો નિત્યક્રમ બની ગયો હતો.

રાત્રે પ્રાર્થના કર્યા પછી જ સૂવું તેવો તેનો નિત્યક્રમ હતો. પરંતુ યશવંત પ્રાર્થનામાં પણ સ્વસુખની માગણી કરતો નહિ એની પ્રાર્થના કંઈક આવા પ્રકારની રહેતી:

" હે પ્રભુ, આ જગતમાં અનેક દુઃખી લોકો ભયંકર વેદના સહન કરે છે. તેમનાં દુઃખો તું હળવાં કર, ઓ પ્રભુ આ દલિત જનો ઉપર તું કરુણા કર ! "

પ્રાર્થનાના આ ભાવો સાથે સૂતેલો યશવંત કદીક મધ્યરાત્રિએ ઝબકીને જાગી જતો અને પોતે જોયેલ દુઃખી લોકોના સ્મરણથી એની આંખમાંથી આંસુની ધાર પણ વહી રહેતી.

सर्वे भवन्तु सुखिनः ની ભાવના સાથે, રાજા રંતિદેવની પેલી ભાવના પણ તેનામાં પ્રબળ ઊઠતી.

न त्वहम् कामये राज्यं न स्वर्गं ना पुनर्भवम्
कामये दुःख-तप्तानां प्राणीनामार्तिनाशनम् ॥

" હે પ્રભુ, મારે રાજ્ય જોઈતું નથી, મને સ્વર્ગની કે પુનર્જન્મની પણ ઈચ્છા નથી. મારી એક માત્ર ઇચ્છા છે કે દુઃખથી પરેશાન થયેલાં માણસોનાં દુઃખ દૂર થાય. "



આવીભાવનાને લીધે, યશવંત બાળક હતો ત્યારથી જ તેણે અનેક દીનદુખિયાના દારિદ્ર ફેડવા પ્રયત્ન કર્યા હતા, જે સફળ થયા હતા.

એના જીવનનાં આ સત્કર્મોના પરિપાકરૂપે એક દિવસ એના જીવનમાં એક અદ્ભુત પ્રસંગ બન્યો.

રસ્તે જતાં એક સંતપુરુષનો તેને ભેટો થઈ ગયો. સંતની મુખમુદ્રા ખૂબ શાન્ત ને તેજસ્વી, જ્યારે આંખો દયા વરસાવતી કરુણાર્દ્ર. આ સંતને જોતાં જ એણે પ્રણામ કર્યા અને જાણે એના ઉપર અનુગ્રહ કરતા હોય એમ, એમણે એક મૂર્તિ એના હાથમાં મૂકી આજ્ઞા કરી : " લે, આની રોજ પૂજા કરજે. " આટલું કહી સંત ચાલ્યા ગયા.

આ સંતની વાણી અને પ્રભાવથી અંજાયેલા યશવંતે, એમના કહ્યા મુજબ બીજા દિવસથી જ મૂર્તિની પૂજા કરવા માંડી. આ મૂર્તિની ઉપાસનાથી તેની એકાગ્રતા અને ભક્તિ ભાવ વધવા માંડ્યો. ભગવત સંપર્કનો આનંદ તે અનુભવવા લાગ્યો. રોજ તે સવારસાંજ અર્ધો કલાક આમ ગાળતો. તેનાથી તેના જીવનમાં અદ્ભુત પરિવર્તન થતું તેને લાગ્યું. ચિત્તની સ્થિરતા વધી. સંકલ્પો–વિકલ્પો ઓછા થઈ ગયા. વિકારો હળવા થયા ને દિવ્ય જ્ઞાન આપોઆપ સ્ફુરવા લાગ્યું.

હવે જે સંતની કૃપાથી એના જીવનમાં આ ફેરફારો થયા હતા, તેમનાં ફરી દર્શન કરવાની એને ઇચ્છા થઈ. પરંતુ એમના વિષે એ કશું જાણતો ન હતો. ત્યાં એક રાત્રે તેને તે સંતે દર્શન આપી, " તું અક્કલકોટ આવ " એવી સૂચના આપી.

બીજે જ દિવસે યશવંત અક્કલકોટ પહોંચ્યો ને સ્વામીજીનાં દર્શન કરતાં જ એમને એ તુરત ઓળખી ગયો. એને

મૂર્તિ આપી એના જીવનમાં પરિવર્તન લાવનાર એ મહાપુરુષ તે જ હતા. આથી એનો પૂજ્યભાવ ખૂબ વધી ગયો.

અભ્યાસના અંતે, યશવંતને રાજ્યમાં નોકરી મળી અને સ્વામીજીના આશિષથી તે ઊંચે દરજ્જે ચડતો ગયો. અહીં પણ તેની પરોપકારની ધારા અખંડિત ચાલતી રહી. લોકો એને રાજ્યના એક અધિકારી કરતાં "ભક્ત પુરુષ, સંત પુરુષ" કે એવાં ઉપનામોથી સંબોધતાં. દરેક દુઃખી માણસને એ દૃઢ આસ્થા રહેતી કે છેવટે "દેવ મામલતદાર તો આપણને સહાય કરશે જ." અને થતું પણ એમ જ.

એક વર્ષ દક્ષિણમાં ભયંકર દુષ્કાળ પડ્યો. અનેક મનુષ્યો ગામડાંઓમાં ને શહેરોમાં ભૂખમરાથી મરવા લાગ્યા. જ્યાં જ્યાં નજર કરો ત્યાં ત્યાં ભૂખથી પીડાતાં માનવ હાડપિંજરો જ નજરે પડતાં. ત્યાં પશુઓનું તો પૂછવું જ શું? પશુઓનાં શબ ઠેર ઠેર રસ્તાઓમાં રઝળતાં દેખાતાં. કેટલાક લોકો ભૂખનું દુઃખ સહન ન થતાં વહાલાં જાનવરો ને છેવટે બાળકોને પણ વેચી દેતાં.

રાત્રિ દરમ્યાન સ્ત્રી, પુરુષો, અને બાળકોના "અમે ભૂખે મરી જઈએ છીએ, અમને બચાવો" એવા પોકારો ખૂબ સંભળાતા.

દુષ્કાળમાં મૃત્યુનું ઘોર તાંડવ ચારે પાસ દેખાતું. આ દારુણ દાવાનળ વચ્ચે દેવ મામલતદાર ઠેર ઠેર ઘૂમી, રાતદિવસ જોયા વિના લોકોને મદદ કરતા. એમણે પોતાના પૈસા ધાન્યના ભંડાર, ગાયોનાં દૂધ, દહીં, છાસ, બધું લોકો માટે ખુલ્લું મૂકી દીધું. પરંતુ એમની સંપતિ કેટલાને પહોંચે? અને તે કેટલા દિવસ?

પોતાની સંપતિ વપરાઈ ગયા પછી પણ લોકોની ભૂખની પીડા જોઈ તેઓ ચિંતાતુર બન્યા. ત્યાં એકાએક એમને



એક વિચાર સ્ફૂર્યો. તેમણે પોતાના દેવગૃહમાં જઈ પ્રભુને પ્રાર્થના કરતાં કહ્યું : "ઓ, પ્રભુ! તારી આજ્ઞા માગી તારી પાસે પહેલાં પ્રકટ કરી હું એક મહાપાપ કરું છું–તેની તું મને જરૂર યોગ્ય સજા કરજે. પરંતુ પ્રજાનાં દુઃખ મારાથી જોવાતાં નથી."

અને બીજા દિવસથી દેવ મામલતદારે રાજ્યની સમૃદ્ધ તિજોરીમાંથી અખૂટ ધનભંડાર વહેતો કરી દીધો ને લોકોને અન્ન નિયમિત મળવા માંડ્યું. પરિણામે અનેક લોકો આ દુષ્કાળમાં ટકી ગયાં ને ઊગરી ગયાં. લોકોમાં વાત તો જાણીતી થઈ ગઈ કે આટલું બધું ધન મામલતદારનું પોતાનું ન હોય, રાજ્યની તિજોરી ખુલ્લી મૂક્યા સિવાય આટલી મદદ કેવી રીતે આપી શકાય?

થોડા દિવસો બાદ પ્રાંતના સૂબા ત્યાં આવી ચડ્યા. તિજોરી કારકુને તેમને ખાનગીમાં જઈ અગાઉથી સત્ય હકીકત જાહેર કરી દીધી. આથી સૂબાએ તુરત જ પાંચ જવાબદાર અધિકારીઓને હિસાબના ચોપડા તપાસવા ને તિજોરીના નાણાં ગણવા બેસાડી દીધા. મામલતદારને તેડું પણ મોકલાવ્યું.

મામલતદાર યશવંત તો આ પરિસ્થિતિ માટે તૈયાર જ હતા. શાંત અને આનંદથી તે સૂબા પાસે આવી ઊભા રહ્યા ને બધીએ ઘટનાનો નિખાલસપણે એકરાર કર્યો, પછી કહ્યું "મારી અહીંની પ્રજા ભૂખે તરફડીને મરી જતી મારાથી જોઈ શકાઈ નહિ, તેથી મેં રાજ્યનાં નાણાં તેમને જિવાડવા વાપરી નાખ્યાં છે. તે ગુનો હું કબૂલ કરું છું. તેને માટે દેહાંતદંડ સુધીની સજા ભોગવવા તૈયાર છું."

તેની આવી સત્યપ્રિયતા જોઈ સૂબો તો ડઘાઈ જ ગયો! તે વિચારમાં પડી ગયો. ત્યાં તો હિસાબ તપાસવા અને નાણાં

ગણુવા બેઠેલા અધિકારીઓએ કહ્યું : "બધું બરાબર છે." સૂબો એકદમ બોલી ઊઠયો "શું બરાબર છે?"

અધિકારીઓએ કહ્યું "રાજ્યના હિસાબના ચોપડામાં જેટલાં નાણાં જમા રહે છે, તેટલાં જ તિજોરીમાં બરાબર છે, કાંઈ ઓછું નથી."

સૂબાએ ફરી તપાસવા આજ્ઞા કરી ને બે નવા માણસોને તપાસણીમાં ભેળવ્યા છતાં તિજોરીનો ધનભંડાર તો હિસાબ પ્રમાણે પાઈએ પાઈ બરાબર જ જણાયો!

ત્યારે સર્વે ખૂબ આશ્ચર્યમાં પડી ગયા! આથી સૂબાએ મામલતદારને ફરી પૂછયું "તમોએ તો દુઃખી માણસોને બચાવવા નાણાં વાપરી નાખ્યા છે એમ કહો છો, ત્યારે તિજોરીમાં તો બધું નાણું હિસાબ પ્રમાણે અકબંધ છે. તો સાચું શું? તમે શું બધાં ખર્ચેલાં નાણાં પાછાં મૂકી દીધાં છે શું?"

મામલતદારે 'ના' પાડી. અને આકાશમાં પરમાત્મા તરફ દૃષ્ટિ કરી. એમની આંખોમાંથી આંસુઓની ધારા દડ દડ સરી પડી. કરુણાર્દ્ર હૃદયે પ્રભુને યાદ કરતાં એમને મૂર્છા આવી ગઈ!

સૂબો ભક્ત હૃદયી હતો. તે સમજી ગયો કે પરમાત્માના દૈવી ચમત્કારથી જ તિજોરીમાં નાણાં પાછાં આવી ગયાં છે તે પ્રભુની આવી કૃપા નિહાળી મામલતદારને ચરણે પડી ગયો.

લોકો પણ આ અદ્‌ભુત ચમત્કાર નિહાળી રહ્યા હતા. તેઓએ દેવ મામલતદારનો જયજયકાર બોલાવ્યો. તેઓ જાણતા હતા કે આ ચમત્કાર તો તેમના ગુરુની કૃપાનો જ હતો. નહિ તો આવું બને જ શી રીતે!

❀



# ભક્ત જલારામની અક્ષય લાકડી

શ્રી સૌભાગ્યચંદ રાજદેવ

સંવત ૧૯૩૪ની સાલમાં મોટો દુષ્કાળ પડ્યો. વીરપુરમાં જલારામ બાપાનું સદાવ્રત ચાલે. દુષ્કાળમાં પણ બાપાનું સદાવ્રત તો ચાલતું જ રહ્યું. ભૂખ્યા લોકોનાં ટોળાં આવે ને બાપા બધાને ખૂબ પ્રેમથી ખવડાવે.

આમ અનાજના ભંડાર તો ખાલી થવા આવ્યા. એટલે બાપાએ કરજે રૂપિયા લઈ અનાજ ખરીદી લોકોને આપવા ને ખવડાવવા માંડયું

જેમ જેમ દુષ્કાળ ઘેરો બનતો ગયો તેમ તેમ બાપાનું કરજ પણ વધતું ગયું. પરંતુ બાપાને તેની કોઈ ચિન્તા નહિ. એમને તો ઠાકર રામજી ઉપર ભારે ભરોસો.

એવામાં અનાજ લેવા બાપાને રૂા. ૨૦૦ની જરૂર પડી. એટલે બાપાને થાણાગાલોળનો સેવક જીવરાજ વડાલિયો સાંભર્યો. તે ખાધેપીધે સુખી હતો. પરંન્તુ દુષ્કાળના વર્ષમાં ભલભલા માતબર ખેડૂતો પણ ખાધેપીધે દુઃખી થઈ ગયા હતા. જીવરાજ વડાલિયાની પણ અંદરખાને એવી જ સ્થિતિ હતી. એવામાં બાપા અચાનક એક દિ' એના ઘરે આવ્યા. જીવરાજ તો રાજી રાજી થઈ ગયો.

એણે બાપાની ખૂબ પ્રેમપૂર્વક સેવાચાકરી કરી. રાતે બન્ને સૂતા. ત્યાં બાપાએ પૂછ્યું, "કાં પટેલ, દાણાપાણી છે?"

પટેલે દુઃખ સાથે કહ્યું, "બાપા દાણા તો ખલાસ થઈ ગયા છે ને બૈરાના દાગીના વેચીને માંડ માંડ દા'ડો કાઢીએ છીએ. કોઠિયું સંધીય ખાલી ખમ પડી છે."

પટેલની આવી સ્થિતિ જોઈ બાપાને ઘણું દુઃખ થયું. પણ એમનાથી કહેવાઈ ગયું, " પટેલ, હું તો તમારી પાસે થોડા રૂપિયા લેવા આવ્યો હતો. "

સાંભળી પટેલ વિચારમાં પડી ગયો ! કોઈ દા'ડે નહિ ને આજે બાપાએ પૈસા માગ્યા. એમને ના કહેવી શી રીતે! પછી કંઈ યાદ આવ્યું હોય એમ પૂછ્યું : " બાપા કેટલા રૂપિયા જોઈએ છે ? "

'બસોની જરૂરત છે'

સાંભળી પટેલે કહ્યું, " ખમો, હું ગમે ત્યાંથી રૂપિયા લાવી આપીશ. "

કહી પટેલ તો ઢોરની કોઢમાં ગયા ને ગાયને ખૂંટેથી ખોદીને એક વાસણ કાઢ્યું. એમાં રૂપિયા ભરેલા હતા.

બોઘેણું લઈને પટેલ બાપા પાસે આવ્યા ને બોલ્યા, " આમાં જેટલા રૂપિયા હોય તે બધા ગણી લો બાપા. "

ભગતે રૂપિયા ગણ્યા તો પૂરા બસો જ થયા. જેટલા જોઈતા હતા એટલા જ. એકે ઓછો નહિ કે એકે વધારે નહિ.

જીવરાજ ભાઈએ આમ પોતાના કુટુમ્બની જીવાદોરી સમી છેલ્લી મૂડી બાપાને ચરણે ધરી દીધી, મનમાં સહેજ પણ સંકોચ રાખ્યા વગર. પણ બાપાની જાણ બહાર કશું થોડું જ રહે ?

બાપા તો રૂપિયા લઈને સવારે ચાલ્યા ગયા. પછી પટલાણી નેખબર પડી કે પટેલે બાપાને રૂપિયા બસો ઘરમાં દાટેલા હતા તે ખોદીને કાઢી આપ્યા. આથી એને ભારે રીસ ચઢી. પટેલને કહ્યું પણ ખરું કે એટલા રૂપિયાનું અનાજ લાવત તો આપણે દુષ્કાળ પાર ઊતરી જાત. વળી 'આટલા રૂપિયા હતા તો મારા દાગીના વેચ્યા શીદને ? " વગેરે કડવાં વેણ પણ કહ્યાં.



પરંતુ પટેલ કંઈ બોલ્યા નહિ. એમણે માત્ર એટલું જ કહ્યું: " બાપા પૈસા ઉછીના લઈ ગયા છે એટલે થોડા દિવસોમાં પાછા આપી જાહે. " " પરંતુ આ દુકાળના વરસમાં, બાપાને કોણ પૈસા દેવાનું હતું કે તમારા પૈસા બાપા પાછા આપી જાહે ? " પટલાણીએ વળતો પ્રશ્ન કર્યો.

પટલાણી બિચારી બાપાની મહિમાને શું જાણે ?–એમ વિચારી પટેલ મૌન રહ્યા.

ત્યાં તો થોડા દિવસ થયા ને બાપા ફરી પાછા પધાર્યા. બાપાને આવેલા જોઈ પટલાણીને ફાળ પડી કે રખે બાપા ફરી પાછા કંઈ રૂપિયા માંગવા ન આવ્યા હોય !

પરંતુ એની ધારણા ખોટી પડી.

બાપાએ તો પટેલને રૂા. ૨૦૦ ગણી આપ્યા. રૂપિયા પાછા આવેલા જોઈ પટલાણીને આનંદ થયો. પરંતુ પટેલે તો વિવેક ખાતર કહ્યું, "બાપા, એવી શું ઉતાવળ હતી ? "

બાપાએ કહ્યું, "મારા ઠાકરે વેવસ્થા કરી દીધી, એટલે થયું લાવ પટેલને દઈ આવું એમનેય ભીડ છે. "

બાપાને પટેલે જમાડ્યા પછી જતાં પહેલાં બાપાએ પટેલને કહ્યું : "અરે પટેલ, તમારો કોઠાર તો દેખાડો. જોઉં કેવો છે ? "

પટેલ બાપાને કોઠારિયામાં લઈ ગયા સરસ કોઠાર, ઘણી મોટી મોટી કોઠીઓ, પણ બધી જ ખાલી. પટેલે એક પછી એક કોઠી દેખાડવા માંડી ને કહેતા જાય, "બાપા આ ઘઉંની, આ બાજરીની, આ મગની, આ ચણાની, આ જુવારની, અને બાપા દરેક કોઠીને હાથમાંની લાકડી અડાડી કહેતા જાય, " આ તો ભરેલી છે ને ? ખાલી ક્યાં છે ? "

આમ બધી કોઠીઓને લાકડી અડાડી બાપા કોઠારમાંથી બહાર નીકળ્યા ને પટેલને કહ્યું : " કોઠીઓનાં મોંઢાં ઉઘાડતો નહિ." એના 'સાણેથી' અનાજ કાઢજે ને એકલો ને એકલો ખાતો નહિ. " આટલું કહી બાપાએ ચાલવા માંડયું.

પટેલ તો બાપાને પાદર સુધી વળાવી આવ્યા. પછી વિચાર કરે છે કે બાપાએ 'સાણાથી' અનાજ કાઢવા કહ્યું પરંતુ કોઠીમાં અનાજ છે જ કયાં ?

'પરંતુ લાવને જોઉં' એમ વિચારતા કોઠારિયામાં આવ્યા ને પહેલી, કોઠીના સાણામાં હાથ નાખ્યો તો એમાંથી ઘઉં ખરરર કરતા નીકળવા માંડ્યા. એમને ભારે આશ્ચર્ય થયું! ખાલી કોઠીમાં અનાજ આવ્યું કયાંથી ? અરે, આ તો ભરેલી કોઠીની જેમ દાણા વહેવા માંડે છે.

એમણે તો પટલાણીને હાક મારી કહ્યું " અહીં કોઠારિયામાં આવો તો ?"

પટલાણીએ છણકો કરી વળતો જવાબ વાળ્યો, " ઈ કોઠારિયામાં ખાલી કોઠીઓ સિવાય બીજું બળ્યું છે શું તે બોલાવો છો ?" પટેલે કહ્યું " અરે પણ તમે આવો તો ખરાં !"

પટલાણી કચવાતા મને ઊઠી કોઠારિયામાં ગયાં, ત્યાં પટેલે બીજી કોઠીના સાણામાં હાથ નાંખતાં જ બાજરો ખરરર કરતો નીકળવા માંડ્યો! પટલાણી કંઈ સમજી ન શકી. એણે ફાટી આંખે પટેલ સામે જોયું. એના મોંઢા ઉપર આશ્ચર્ય ને આનંદ છવાઈ ગયો હતો?

પટેલે કહ્યું, " તમે બાપા ને જાણો, આ બધો એમનો પરતાપ છે. એકે કોઠીનાં મોંઢાં ખોલવાની બાપાએ ના પાડી છે. સાણેથી જ અનાજ કાઢવાનું કહ્યું છે, એટલે ભૂલ ના કરતાં."



બસ, પછી તો બીજી કોઠીઓમાંથી પણ મગ, ચણા, જુવાર વગેરે નીકળવા માંડ્યાં.

બન્ને રાજી થઈ ગયાં. પટલાણી બાપાની ક્ષમા માગવા લાગ્યાં. અગાઉ કડવા વેણ કહેવા બદલ સાચા દિલથી પશ્ચાતાપ કરવા લાગ્યાં.

આમ પટેલે આખું વરસ દાણા ખાધા ને ગરીબગુરબાંને દીધા પણ ખરા. આખરે એક દિવસ પટલાણીને થયું " જોઉં તો ખરી હવે કેટલા દાણા છે? ને જોયું કે કોઠિયાંનાં તળિયાં દેખાયાં."

બસ ખેલ ખતમ થઈ ગયો, કોઠીઓ ખાલી થઈ ગઈ. પરંતુ હવે દુકાળે પૂરો થઈ ગયો હતો.

('ભક્ત જલારામ' ના આધારે)

## સૌથી પહેલી જરૂર

જેનાં અનેક જન્મનાં પાપકર્મ દૂર થયાં હોય તે જ આ ઘોર સમયમાં સંસારની મોહજાળમાંથી છૂટી શકે છે ને ઈશ્વરપરાયણ બની ઈશ્વરકૃપા મેળવે છે. બાકી તો આવું ઉત્તમ માનવશરીર ઈશ્વર પ્રાપ્તિ કરી મુક્તિ મેળવાવા માટે મળ્યું છે. પણ માણસ તેને વિષય સુખ પાછળ વલખાં મારવામાં જ ખોઈ નાખે છે. જે દિવસે માણસ ઈશ્વરની કૃપા મેળવવા આતુર બનશે, તે દિવસે તેને માટે કોઈ જ દુઃખ, શોક, પરિતાપ કે સંકટ નહિ રહે. તેને ભજવાની જ જરૂર સૌથી પહેલી છે.

યોગેશ્વર

# શ્રી રામકૃષ્ણદેવનો કૃપાપાત્ર ભક્ત રાખાલ

નારાયણ હ. જાની

પરમહંસ શ્રી રામકૃષ્ણદેવના ખૂબ નાની વયમાં થયેલા શિષ્યોમાં રાખાલ ચન્દ્ર ઘોષનો પણ સમાવેશ થાય છે. લાટુ જેમ, વીસ વર્ષની અંદરની વય હતી, ત્યારે જ તેઓ શ્રી રામકૃષ્ણદેવનાં સંપર્કમાં આવ્યા હતા.

શ્રી રાખાલ ઘોષનો જન્મ કલકત્તા પાસેના સીકા ગામમાં ૧૮૬૩માં થયો હતો. એમના પિતા અતિ શ્રીમંત જમીનદાર હતા; જ્યારે એમની માતા કૃષ્ણ ભક્ત હતાં. એમણે પોતાના પુત્રનું નામ રાખાલ એટલા માટે રાખ્યું હતું કે બંગાળી ભાષામાં કૃષ્ણ ભગવાનના વૃંદાવનના બાળસખા ગોવાળોને રાખાલ કહેવામાં આવે છે.

રાખાલની ઉમ્મર જ્યારે માત્ર બાર વર્ષની હતી ત્યારે તેમને માધ્યમિક અંગ્રેજી શાળાના અભ્યાસ માટે તેમના કુટુમ્બે કલકત્તા મોકલ્યા હતા. શાળાના વિદ્યાર્થીઓ રમતગમતો તેમ જ અંગ કસરતો કરતાં, તેમાં રાખાલ પણ જોડાયો. અહીં જ એને નરેન્દ્રનો મેળાપ થયો. આમ તો નરેન્દ્ર અને રાખાલનો સ્વભાવ એકબીજાથી સાવ ભિન્ન હતો. તેમ છતાં તેમની વચ્ચે મૈત્રીની ગાંઠ બંધાઈ, રાખાલનો સ્વભાવ નમ્ર ને માયાળુ હતો; તેને નરેન્દ્રની નીડરતા એકદમ સ્પર્શી ગઈ. નરેન્દ્રને પણ રાખાલ પ્રત્યે ગૂઢ ખેંચાણ થયું. આમ એવું બન્યું કે ભવિષ્યમાં જેઓ બન્નેએ સાથે મળી જે રામકૃષ્ણ મિશનનું કામ કરવાનું હતું, તે ખુદ રામકૃષ્ણદેવને મળ્યા પહેલાં જ પરસ્પર મિત્રો બની ગયા.

આ અરસામાં નરેન્દ્ર બ્રહ્મોસમાજમાં જોડાયો, અને એણે રાખાલને પણ તેમાં જોડાવા સમજાવ્યો. નિયમ મુજબ, તેઓ



બન્નેએ નિરાકાર ઈશ્વરનું જ ધ્યાન કરવાના પ્રતિજ્ઞાપત્ર ઉપર સહીઓ કરી.

રાખાલ સ્વભાવે ચિંતનશીલ હતો. આથી હવે તે જીવન અને મૃત્યુ વિષેના રહસ્યોના ચિંતનમાં એટલી હદે ડૂબેલો રહેતો કે તેણે પોતાના અભ્યાસની પણ ઉપેક્ષા કરવા માંડી. એટલું જ નહિ પણ દુન્યવી બાબતોમાંય એ સાવ રસ ખોઈ બેઠો.

એના પિતાને આ જાણી ચિન્તા થવા માંડી અને એમણે સામાન્ય રીતે વિચારવામાં આવે છે એવો એક ઉપાય શોધી કાઢયો. એમણે રાખાલનું લગ્ન કરવાનું વિચાર્યું. રાખાલે પ્રણાલિકાગત આજ્ઞાંકિતપણાના ભાવ સાથે પિતાના નિર્ણયને સ્વીકારી લીધો. માત્ર સોળ વર્ષની કુમળી વયે એનું લગ્ન એક નાની કુમારિકા સાથે કરવામાં આવ્યું. પત્નીનું નામ હતું વિશ્વેશ્વરી. આમ કરીને એના પિતાએ માની લીધું કે પરભવ કે ઈશ્વર વિષેની અસરથી એણે પુત્રને હવે સુરક્ષિત બનાવી દીધો છે પરંતુ બન્યું ખરેખર એથી ઊલટું જ.

રાખાલની પત્ની વિશ્વેશ્વરીના ભાઈનું નામ મનમોહન મિત્ર હતું. તેઓ શ્રી રામકૃષ્ણદેવના ભક્ત હતા. એટલે રાખાલનો પરમહંસદેવશ્રી સાથે પહેલો મેળાપ કરાવી આપવાના નિમિત્તરૂપ તેઓ બન્યા. ૧૮૮૦માં એટલે કે જ્યારે રાખાલની ઉમ્મર માત્ર ૧૭ વર્ષની હતી, ત્યારે તેમનો પરમહંસદેવ સાથે પહેલો મેળાપ થયો. જે લગ્નને એમના પિતાએ પુત્રની વૈરાગ્યવૃત્તિ સામે સુરક્ષિતતાનું સાધન ગણ્યું, એ જ લગ્નનો સંબંધ, રાખાલના ભવિષ્યના વૈરાગ્ય માટેના કારણરૂપ બન્યો. માણસ ધારે છે શું ને વિધિ કરે છે શું, આ છે એનું અદ્ભુત ઉદાહરણ.

રાખાલનું દક્ષિણેશ્વરમાં આગમન થયું તેના થોડા સમય પહેલાં રામકૃષ્ણદેવ મા જગદંબાને પ્રાર્થના કરતા કે “હે મા,

મને મારા જેવો કોઈ બાળસખા શોધી આપ કે જેનું હૃદય પવિત્ર હોય ને જે તારા પ્રત્યે ખૂબ ભક્તિભાવ ધરાવતો હોય " થોડા દિવસો પછી એમને એક દર્શન થયું તેમાં તેઓએ મંદિરના પટાંગણના વડના વૃક્ષ નીચે એક છોકરાને ઊભેલો જોયો. તે પછી બીજા દર્શન પ્રસંગે, મા જગદંબાએ એના જેવો જ પરંતુ થોડી નાની ઉમ્મરના છોકરાને એમના ખોળામાં મૂકતાં કહ્યું, " આ તારો પુત્ર છે. " આ સાંભળતાં જ શ્રીરામકૃષ્ણ પહેલાં તો આભા બની ગયા ! એમણે માન્યું કે પુત્રપ્રાપ્તિ માટે રખે એમને એમની પત્ની સાથે શારીરિક સંબંધ બાંધવો પડે ! પરંતુ મા જગદંબાએ એમને ફરી ખાત્રી આપી, કે " એ એમનો સાંસારિક પુત્ર નહિ હોય, પરંતુ આધ્યાત્મિક પુત્ર હશે. " વળી પાછું રાખાલ અને મનમોહન જે દિવસે શ્રી રામકૃષ્ણ દેવની પાસે આવ્યા, તે જ દિવસે એમને એક ત્રીજું દર્શન થયું. આ દર્શનમાં એમણે ગંગાના પ્રવાહ ઉપર એક મોટું ખીલેલું કમળ જોયું. જેના ઉપર બે છોકરાઓ નૃત્ય કરી રહ્યા હતા. એમાંના એક ભગવાન કૃષ્ણ હતા, જ્યારે બીજો આ બાળક હતો.

અને ત્યાં તો મનમોહન અને રાખાલને લઈને આવતી હોડી દક્ષિણેશ્વર આવી પહોંચી. એમણે રાખાલને જોતાં જ પોતાનાં દર્શનોમાં જોયેલાં છોકરા તરીકે તુરત જ ઓળખી કાઢ્યો. થોડા સમય માટે મૂંગા મૂંગા આશ્ચર્ય સાથે તેમણે રાખાલ સામે જોયા કર્યું. પછી રામકૃષ્ણે મનમોહન તરફ ફરી સસ્મિત કહ્યું, " આ છોકરામાં ઘણી આશ્ચર્યજનક શક્તિઓ રહેલી છે. " પછી તેઓ રાખાલ સાથે એવી રીતે વાતો કરવા લાગ્યા કે જાણે બન્ને એકબીજાને ઘણા વખતથી ઓળખતા ન હોય !

હવે રાખાલ પ્રત્યે શ્રી રામકૃષ્ણને જે પ્રેમની લાગણી થતી તે પિતૃભાવને બદલે માતૃભાવપૂર્ણ હતી. તેઓ ભગવાન કૃષ્ણને ઉછેરનાર માતા યશોદા સાથે પોતાનું તાદાત્મ્ય અનુભવતા. આવો સંબંધ અલૌકિક અને આપણી બૌદ્ધિક સમજણમાં ન ઊતરે એવો છે. પરંતુ આ બીજું કંઈ નહિ પણ પૂર્વજન્મોમાં જે સંબંધ હતો અને હવે પછી અનંતકાળ પર્યંત જે ચાલુ રહેવાનો છે, તેનું પુનર્જોડાણ માત્ર છે, એમ માનવું રહ્યું. આમાં સૌથી મોટા આશ્ચર્યની વાત તો એ હતી કે રાખાલ જેવા શાળામાં ભણતા નાના છોકરાએ આ પ્રકારના સંબંધને સ્વીકારી લીધો. એટલું જ નહિ પરંતુ શ્રી રામકૃષ્ણ જે રીતે ઇચ્છતા હતા તે રીતે સંપૂર્ણપણે તેમને આધીન થઈને એ વર્તતો. એનું કારણ કદાચ એ હશે શ્રીરામકૃષ્ણ અને રાખાલ એકબીજાને પરસ્પર તેઓ ખરેખર કોણ છે, તે ઓળખી ગયા હશે. નહિ તો રાખાલનો રામકૃષ્ણદેવ સાથેનો આવો વ્યવહાર સમજવો મુશ્કેલ લાગે તેમ છે પૂર્વજન્મમાં તેઓ વચ્ચે જે સંબંધ હતો તે જાણે ફરી સ્થાપિત થયો એટલું જ !



આ સંબંધમાં શ્રી રામકૃષ્ણદેવ પાછળથી કહેતા કે " તે દિવસોમાં, રાખાલનો સ્વભાવ ત્રણચાર વર્ષના બાળક જેવો થઈ ગયો હતો અને મને તે પોતાની મા જ ગણતો. તે મારી તરફ દોડી આવતો અને મારા ખોળામાં પણ બેસતો. મને છોડીને એક ડગલું પણ તે આઘો ન જતો. ઘરે જવાનું તો નામ જ ન લેતો. પરંતુ હું તેને પરાણે ઘરે મોકલતો, કારણકે મને બીક હતી કે જો તે ઘરે નહિ જાય તો તેના પિતા તેને અહીં આવવા માટે સમૂળગો બંધ કરી દેશે. એના પિતા અતિ શ્રીમંત જમીનદાર હતા, પરંતુ કંજૂસ પણ ખરા. પહેલાં તેમણે વિવિધ યુક્તિ–પ્રયુક્તિથી તેમના પુત્રને મારી પાસે આવતો અટકાવવા પ્રયત્ન કરી જોયો. પરંતુ એક વાર તેઓ ખુદ અહીં મારી પાસે આવ્યા. એથી એમણે જાતે જોયું કે મારી પાસે તો ઘણા શ્રીમંત ને મોટા મોટા

માણસો પણ આવે છે. એથી એમણે રાખાલને મના કરવાનું છોડી દીધું. તે પછી, તેઓ પણ અવારનવાર રાખાલને મળવા મારી પાસે આવતા. હું એમનો ખૂબ આદર કરતો ને તેમના પ્રત્યે ખાસ ધ્યાન આપતો. મારા આવા વર્તનથી તેઓ ખુશ થતા.

રાખાલનો સ્વભાવ આશ્ચર્ય પમાડે એટલી હદે સાવ નાના નિર્દોષ બાળક જેવો હતો. હું કોઈક વાર એને ખવડાવતો તો કોઈક વાર એને રાજી રાખવા એની સાથે રમતો પણ ખરો. ઘણીયે વાર હું એને મારા ખભે બેસાડતો. તે જો કોઈ વાર કંઈ ભૂલ કરતો તો હું એને ઠપકો પણ આપતો. એક વાર એણે મંદિરમાં પ્રસાદરૂપે ધરાવેલું માખણ, મારી રાહ જોયા વિના ખાઈ લીધું. મેં એને કહ્યું, "તું કેવો ખાઉકોર? અહીં આટલા દિવસ રહ્યો, પણ તારી જાત ઉપર આટલો સંયમ રાખતાં ન શીખ્યો?" મારાં ઠપકાનાં આ વચન સાંભળી એ ખૂબ ડઘાઈ ગયો. પરંતુ જીવનમાં પછી તેણે એવી ભૂલ કદી કરી નહિ".... વળી એનો સ્વભાવ બાળક જેવો અદેખો પણ ખરો. એના સિવાય હું બીજાને પ્રેમ કરું તો તે, તે સહન ન કરી શકતો. આથી મને દહેશત રહેતી કે મા જગદંબા બીજા જે લોકોને મારી પાસે ખેંચી લાવે છે, તેમની તે રખે અદેખાઈ કરતો થઈ જાય!"

"રાખાલના દક્ષિણેશ્વર આવવા સંબંધમાં એના સાસરિયાંએ કોઈ વાંધો ન ઉઠાવ્યો. કારણકે એ ઘરની સ્ત્રીઓ વારંવાર દક્ષિણેશ્વર આવતી. રાખાલની દક્ષિણેશ્વરની પ્રથમ મુલાકાત પછી તુરત જ એનાં સાસુ, એની પત્ની વિશ્વેશ્વરીને લઈને દક્ષિણેશ્વર આવ્યાં. મારે એ જોવું હતું કે એ રાખાલને ઈશ્વરને માર્ગે જતો રોકવા એના માર્ગમાં વિઘ્નો તો નહિ નાખેને. આથી મેં એનાં શારીરિક લક્ષણો ખૂબ બારીકાઈથી જોયાં ને મને ખાતરી થઈ કે એવો ભય રાખવાનું કોઈ કારણ



નથી. મને એનામાં પરમ દિવ્ય શક્તિનું મંગલસ્વરૂપ અભિવ્યક્ત થયેલું દેખાયું. આથી નોબતખાના ઉપર રહેતાં મા શારદાદેવીને મેં સંદેશો મોકલાવ્યો કે રૂપિયો આપી વહુનો ઘૂંઘટ ખોલાવજો. બંગાળમાં એ પ્રચલિત રિવાજ છે કે સાસુ ને વહુ જ્યારે પહેલી વાર મળે ત્યારે વહુનું સ્વાગત કરતી વખતે, સાસુ તેને કંઈક ભેટ આપી એનો ઘૂંઘટ ઉઘાડી અને ચૂંબન કરે. રામકૃષ્ણદેવ અને શારદા મા રાખાલને પોતાના આધ્યાત્મિક પુત્ર તરીકે લેખતા, આથી સાસુ તરીકે વિશ્વેશ્વરીનો આ રીતે ઘૂંઘટ ખોલવા કહ્યું હતું.

શ્રી રામકૃષ્ણદેવ સાથે પરિચય થયા પછી ત્રણેક વર્ષે રાખાલ વૃંદાવનની યાત્રાએ ગયો. આથી રામકૃષ્ણદેવને ચિન્તા થવા લાગી. તેઓને એ અનુભૂતિ થઈ હતી કે રાખાલ એ ભગવાન કૃષ્ણના બાળસખા ગોવાળોમાંનો એક હતો. જો રાખાલને પોતાના પૂર્વજન્મની આ સ્મૃતિ થઈ આવશે તો તે પોતાનું હાલતું શરીર ત્યજી દેશે. આથી શ્રી રામકૃષ્ણદેવ મા જગદંબાને પ્રાર્થના કરતા. પરિણામે રાખાલ યાત્રાએથી સુખરૂપ પાછો ફર્યો.

શ્રી રામકૃષ્ણદેવ ઘણી વાર કહેતા કે આ રાખાલ વિષે મા જગદંબાએ મને ઘણી વાતો જણાવી છે. પરંતુ એમાંની કેટલીક કોઈને પણ કહેવા મના કરેલી છે.

(શ્રી રામકૃષ્ણ અને એમના શિષ્યો<br>
શ્રી ક્રિસ્ટોફર ઈશરવુડના પુસ્તકના આધારે)

★

# યોગ દર્શન

લેખાંક (૩) શ્રી યોગેશ્વરજી

**वृत्तिसारूप्यमितरत्र**

ચિત્ત બાકીના સમયમાં વૃત્તિ સાથે એકરૂપ બને છે.

નિરોધની એવી અલૌકિક અવસ્થાનો અનુભવ જેને થઈ જાય છે તેની અંદર આમૂલ પરિવર્તન થઈ જાય છે. એ વાતનો ઉલ્લેખ આપણે અગાઉ કરી લીધો એવા અનુભવી પુરુષના સંબંધમાં શ્રી શંકરાચાર્યે કહ્યું છે કે "જ્યાં જ્યાં તેનું મન જાય છે.ત્યાં ત્યાં તેને પરમાત્માનું દર્શન થયા કરે છે." ગીતા જેવાં શાસ્ત્રો પણ એવી જ વાતની સાક્ષી પૂરે છે.

મહાત્મા કબીરે એ અલૌકિક અવસ્થાનું નિરૂપણ કરતાં ગાયું છે કે " મન મસ્ત હુવા તબ ક્યોં બોલે ? " તે જ પ્રમાણે વેદાંતી કવિ અખાએ ગાયું છે કે ' અબ મોહે આનંદ અદ્‌ભુત આયા ! '

નિરોધ ને તેને પરિણામે થનારા પરમાત્માનાં પ્રત્યક્ષ દર્શનનો આનંદ એવાં પદોની મદદથી સમજી શકાય તેમ છે. પરંતુ એનો સાધારણ એવો ખ્યાલ જ આવે છે, એની સાચી ને પૂરી સમજ તો સ્વાનુભવની મારફત જ મળી શકે છે. એટલા માટે માણસે સ્વાનુભવનો લાભ આપનારી સાધનાના પ્રેમી ને પ્રવાસી થવાની જરૂર છે.

એક બીજી મહત્ત્વની વાત પણ ધ્યાનમાં રાખવાની છે. નિરોધ ને તે દ્વારા થતો પરમાત્માનો અનુભવ એક અવસ્થા છે. તો પણ તે અવસ્થાની એક વાર પ્રાપ્તિ થઈ જાય છે તે પછી તે અવસ્થા સહજ થઈ જવી જોઈએ. મતલબ કે પરમાત્માનો અનુભવ એક સ્વભાવ થઈ જવો જોઈએ, ને નિરોધ



સિવાયની બીજી બધી જ દશામાં–જાગૃતિમાં ને જીવનની પ્રત્યેક પળે મન એ રીતે પરમાત્માનો અનુભવ કરતું થઈ જાય ને જગતના જુદા જુદા પદાર્થોમાં એક પરમાત્માના પ્રકાશનું દર્શન કરે. એટલે તેના સંકલ્પ-વિકલ્પ શમી જાય ને સમાધિનું સુખ જાગૃતિ દશામાં પણ તેને માટે સહજ બને છે, સમાધિનો પછી તેને મોહ નથી રહેતો; ને જાગૃતિનો તિરસ્કાર પણ તેને અસર નથી કરતો. સહજ સમાધિની એ દશાનું વર્ણન સંત કબીરે સરસ રીતે પેલા પદમાં કર્યું છે :

સાધો સહજ સમાધ ભલી.
ગુરુપ્રતાપ જા દિનસે જાગી
દિન દિન અધિક ચલી– સાધો.

પ્રેમી ભક્ત પ્રીતમે પણ પોતાની અનોખી ને સુંદર શૈલીમાં ભક્તની દૃષ્ટિએ એવા જ ભાવને રજૂ કરતું પદ લખ્યું છે:

' સૂતાં બેઠાં શામળીયાજી તન તમારી સાથે જો, '
બોલ્યું ન ગમે બીજા કોઈનું, નેહ વધાર્યો નાથે જો.
દાતણ કરતાં દર્શન પામું, નાહતાં નજરે આવે જો,
ભોજન વેળા ભેગા ભાળું, આનંદ ઉર ઉપજાવે જો.
વસુધા ઉપર વ્યાપક દેખું, ગગને જોઉં તો ગાજે જો,
દસે દિશા દીસે છે રમતા, સઘળે શ્યામ બિરાજે જો....

પ્રભુનાં સહજ દર્શન ને પ્રભુ સાથેની તન્મયતાની એવી દશા સાધકને માટે આગળ જતાં સ્વાભાવિક થઈ જાય છે. પછી તો તેનું મન સહજ રીતે પ્રભુનું ધ્યાન કર્યા કરે છે, ને જીવનની નાનીમોટી બધી જ પ્રવૃત્તિ તેને મન સાધનાનાં પરમ પવિત્ર પ્રવાહ જેવી બની જાય છે. એ દશાની પૂર્વભૂમિકા તરીકે જ ચિત્તના નિરોધને મહત્ત્વનો માનવાનો છે. નિરોધ સાધ્ય નથી પણ સાધન છે, એ સદાય યાદ રાખવાનું છે.

તો પછી ચિત્તનો નિરોધ ના થયો હોય તેવી દશામાં ચિત્તનું શું થતું હશે અથવા તો તેનું સ્વરૂપ કેવું રહેતું હશે?

આ સંસારમાં મોટા ભાગના માણસો જાગૃતિને જ સર્વ કાંઈ સમજે છે ને જાગૃતિમાં જ જીવે છે, નિરોધનો તેમને વિચારે નથી હોતો; ને નિરોધને માટે તે કોઈ પ્રકારનો પ્રયાસે નથી કરતાં. તેમની ચિત્તદશા કેવી હોય છે? તેમના ચિત્તમાં સૂર્યનાં કિરણોની જેમ અનેક વૃત્તિઓ હોય છે. તે વૃત્તિ જે જે વસ્તુ કે વિષયમાં જાય કે પ્રવેશ કરે તે તે વસ્તુ કે વિષય સાથે કામચલાઉ વખત પૂરતું, એકરૂપ બની જાય છે, ને તેના રસનો અનુભવ કરે છે. દાખલા તરીકે વૃત્તિ કોઈ ગીતમાં જઈને લાગી જાય તો ચિત્ત પણ ત્યાં પહોંચી જાય છે ને ગીતમાં ડૂબી જઈને કે ગીતની સાથે એકાકાર બનીને ગીતનો રસાસ્વાદ લેવામાં મદદ કરે છે. વૃત્તિ કાંઈ યાદ કરે તો ચિત્ત પણ તેના સ્મરણમાં લાગી જાય છે. વૃત્તિ પુસ્તકમાં કે ભોજનમાં જાય તો ચિત્ત પણ ત્યાં જઈ પહોંચે છે ને તદ્રુપ બની જાય છે. ચિત્ત ને તેની વૃત્તિને એવો તદ્દન નજીકનો સંબંધ છે. તેથી જ સાધના પરાયણ પુરુષે પહેલાં પોતાના ચિત્તની વૃત્તિને શુદ્ધ કરવી ને પરમાત્મામાં જોડવી એમ કહેવામાં આવ્યું છે.

વૃત્તિ પરમાત્માભિમુખ બની જાય તો પછી ચિત્ત પણ વહેલું કે મોડું તેવું બની જાય છે. બાકી તો નિરોધ સિવાયના બીજા બધા વખત દરમ્યાન ચિત્ત તેની વૃત્તિને અનુસરીને જ ચાલે છે. "જેવી વૃત્તિ તેવું મન." ટૂંકમાં એવો નિયમ આપણે બાંધી શકીએ.

આ ઉપરથી જોઈ શકાશે કે વિચાર, ભાવ કે વૃત્તિને સુધારવાની ને ઉત્તમ બનાવવાની જરૂર કેટલી બધી મોટી છે ને એની અસર સમગ્ર જીવન ઉપર કેવી પ્રબળ પડે છે.



વૃત્તિ સુધારો તો ચિત્ત આપોઆપ સુધરી જશે, ને જો વૃત્તિ બગડશે, તો ચિત્ત બગડશે. છેવટે એનાથી વિચારો ને ભાવો બગડશે. જે વખત જતાં આખા જીવનને બગાડશે. એટલે વૃત્તિ ખરાબ પદાર્થો કે વિષયોમાં ન જાય તેનું ખૂબ ધ્યાન રાખવાની જરૂર કેવળ પ્રત્યેક આત્મોન્નતિના સાધક માટે જ છે, એવું નથી, પરંતુ દરેક માનવ માટે છે. સમાજમાં, દેશમાં કે વિશ્વમાં આજે દેખાતો બગાડો હીનવૃત્તિઓને પોષવાનું જ પરિણામ છે. અગ્નિમાં હાથ નાખ્યા છતાં ન દાઝવાનું શી રીતે બની શકવાનું છે? હરગીજ નહિ.

(ક્રમશઃ)

## જીવનનાં વર્ષ

જે વર્ષો તમે નિરર્થક ગાળ્યાં હોય તે જ તમને વૃદ્ધ બનાવે છે.

નિરર્થક ગાળેલું વર્ષ એટલે કે જે દરમિયાન તમે કશી જ પ્રગતિ કરી નથી હોતી, ચેતના વિકાસ પામી હોતી નથી, પૂર્ણતાની દિશામાં તમે આગળ વધ્યા નથી.

તમારા પોતાના કરતાં કોઈ વધુ ઉચ્ચ અને વધુ વિશાળ વસ્તુને સિદ્ધ કરવા માટે તમારું જીવન સમર્પણ કરો અને જીવનમાં વહી જતાં વર્ષોનો ભાર તમને કદી પણ નહિ લાગે.

–શ્રી માતાજી

# શ્રી કબીરજીનું તત્ત્વદર્શન

પ્રા. શશિકાન્ત કોન્ટ્રાક્ટર

સંત કબીર જ્ઞાનમાર્ગી નિર્ગુણ શાખાના અગ્રગણ્ય કવિ છે. કબીર પોતાના યુગના એકમાત્ર યુગદ્રષ્ટા, સજાગ પ્રહરી તથા સાહિત્યના ક્ષેત્રે ભવિષ્ય દ્રષ્ટા હતા. તેઓશ્રી કવિ, ધર્મોપદેશક, સુધારક, યોગી તથા ભક્ત છે, એટલું જ નહિ પણ એમનું વાસ્તવિક સૌંદર્ય એમના મહાન વિચારક તરીકેના વ્યક્તિત્વમાં રહેલું છે. અહીં એમના આ પાસા પર પ્રકાશ પાડવાનો નમ્ર પ્રયત્ન કરવા ધારું છું.

કબીરજીની વિચારધારા ને એમના તત્ત્વજ્ઞાનને સમજવા માટે વિષયોનું વિભાગીકરણ કરવું યોગ્ય છે.

(૧) કબીરનું બ્રહ્મનિરૂપણ, (૨) કબીરનો આત્મ-વિચાર, (૩) કબીરનું માયાવર્ણન, (૪) કબીરનું જગત વર્ણન (૫) કબીરની તત્ત્વજ્ઞાન પદ્ધતિ (૬) કબીરની રહસ્ય સાધના (૭) કબીરની યોગસાધના, (૮) કબીરની ભક્તિભાવના અથવા કબીરની સહજ ધર્મની સાધના.

**(૧) કબીરનું બ્રહ્મનિરૂપણ :** બ્રહ્મના મુખ્યત્વે બે પ્રકાર છે : (૧) સગુણ બ્રહ્મ (૨) નિર્ગુણ બ્રહ્મ. આ બન્ને પ્રકારોનું વર્ણન કબીર-સાહિત્યમાં આવે છે. પરંતુ મુખ્યત્વે કબીર નિર્ગુણ બ્રહ્મના ઉપાસક હતા. એમને પૂજા પણ કરવી પડતી નથી અને નમાઝ પણ પઢવી પડતી નથી. એઓ નિરાકાર બ્રહ્મને હૃદયથી નમસ્કાર કરે છે. એમના જ શબ્દોમાં :

" પૂજા કરું ન નમાજ ગુજારું
એક નિરાકાર હૃદય નમસ્કારું. "

યોગીઓ બ્રહ્મને જ્યોતિસ્વરૂપ માને છે. કબીરજીએ પણ આ વાત સ્વીકારી છે. બ્રહ્મ એ પરમ જ્યોતિ છે,



પુરુષોત્તમ છે, જેની કોઈ રેખા કે રૂપ નથી. પરબ્રહ્મના આ અનંત તેજનું વર્ણન શબ્દાતીત છે. એ તો માત્ર અનુભવની જ વસ્તુ છે.

" પારબ્રહ્મ કે તેજ કા કૈસા હૈ ઉન્માન
કહિબે કૂ શોભા નહીં દેખ્યાહી પરવાન. "

બ્રહ્મ કબીરજીના શબ્દોમાં 'પુહુપ વાસ તે પાતરા ઐસા તત્ત્વ અનુપ' છે. પુષ્પની સુવાસથી પણ સૂક્ષ્મ છે. તેને જન્મ-મરણ નથી અને તે ગગન મંડળમાં નિવાસ કરે છે.

બાહ્ય દૃષ્ટિએ જોતાં લાગે જ કે કબીરજીએ ભગવાન રામનું વર્ણન અનેક પદોમાં કર્યું છે તેથી તેમનું આ સગુણ બ્રહ્મનું જ નિરૂપણ છે, પરંતુ આંતરિક રીતે સૂક્ષ્મ અધ્યયન કરીએ તો ખબર પડે છે કે કબીરના રામ એ દશરથપુત્ર રામ નથી પણ નિર્ગુણ નિરાકાર રામ છે. હિંદીના મહાન વિવેચક ડો. હજારીપ્રસાદ દ્વિવેદી આ વિષે લખે છે, " એમના 'અલ્લાહ' અલખ નિરંજન છે જે સેવાથી અતીત છે. એમના 'વિષ્ણુ' એવા છે જે સંસારરૂપમાં ફેલાયેલા છે. એમના 'કૃષ્ણ' એ છે જેણે સંસારનું નિર્માણ કર્યું છે. એમના 'ગોવિંદ' એ છે જેમણે બ્રહ્માંડને ધારણ કર્યું છે. એમના 'રામ' તે છે જે સનાતન તત્ત્વ છે. એમના 'ખુદા' તે છે જે દસ દરવાજાઓને ખોલી દે છે. એમના 'રબ' તે છે જે ચોર્યાસી લાખ યોનિઓના પરવર દિગાર છે. કબીરજીના બ્રહ્મ કે રામ નિરંજન છે એમની કોઈ રૂપરેખા નથી. તે સમુદ્ર પણ નથી, પર્વત પણ નથી, ધરતી પણ નથી, આકાશ પણ નથી, સૂર્ય ને ચંદ્ર પણ નથી, પાણી પણ નથી, તે પવન પણ નથી, એ તો છે ત્રૈલોક્ય વિલક્ષણ પરમ્ તત્ત્વ.

સાકાર બ્રહ્મનું વર્ણન પણ કબીરમાં મળે છે પરંતુ તે મોટે ભાગે ભાવનામય કે બુદ્ધિમય છે. ભક્ત ભાવનાના

આવેશમાં એમણે વ્યક્ત બ્રહ્મનું વર્ણન કર્યું છે, છતાં પણ કબીરે કયાંય સ્થૂલ ઈન્દ્રિયગ્રાહ્ય બ્રહ્મનું વર્ણન કર્યું નથી.

( ૨ ) **કબીરનું આત્મનિરૂપણ :** કબીરનું આત્મ નિરૂપણ બે પ્રકારે જોવા મળે છે (૧) ભાવાત્મક (૨) વિચારાત્મક. કબીરજીએ આત્મા અને બ્રહ્મ ને એક જ ગણ્યા છે. આત્માને પરમાત્મા એક છે એ અદ્વૈતવાદનો સિદ્ધાંત છે. આ આત્મતત્ત્વ સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપ્ત છે. કબીરજી આત્માનું વર્ણન કરતાં કહે છે :

" ન ઈહુ માનુષ ના ઈહુ દેવા ના ઈહુ જતી કરાવૈ સેવા "

કબીરજીએ જીવને હમેશા અદ્વૈત સ્વરૂપ માન્યો છે. શંકરાચાર્યે લખ્યું છે :

" ब्रह्म सत्यं जगत् मिथ्या
जीवो ब्रह्मैव नापरः । "

આજ અદ્વૈત સિદ્ધાંતને કબીરજીએ ઘડાના રૂપક દ્વારા સરળ રીતે સ્પષ્ટ કર્યો છે.

" જલમેં કુંભ કુંભમેં જલ હૈ,
બાહર – ભીતર પાની,
ફૂટા કુંભ જલ જલહિ સમાના,
યહ તથ કહો ગિયાની "

અર્થાત્ ઘડાને પાણીમાં મૂકીએ તો એની અંદર અને બહાર પાણી દેખાય. કુંભ ફૂટી જાય તો બહારનું અને અંદરનું પાણી એક થઈ જાય. જ્ઞાની પુરુષોએ આ તથ્યનું ઉદ્‌ઘાટન કર્યું છે. આત્માની એકતા ને અદ્વૈતતા દર્શાવવા કબીરે ઉપનિષદોના પ્રતિબિંબવાદનો આશ્રય પણ લીધો છે. ઉદાહરણાર્થ જેવી રીતે જળમાં બિંબના વિવિધ પ્રતિબિંબ નજરે પડે છે, તેવી રીતે સંસારમાં આત્માનાં અનેક સ્વરૂપોનો ભાસ થાય છે. કબીરજી જીવને બ્રહ્મનો અંશ માને છે.



કબીરજીએ આત્મા ને પરમાત્માના તાદાત્મ્યનું ભાવનાત્મક રીતે પણ નિરૂપણ કર્યું છે. અહીં જીવ ને શિવનો સંબંધ દામ્પત્યભાવે વર્ણવ્યો છે જેને રહસ્યવાદનું નામ આપવામાં આવે છે. યોગદ્વારા પણ જીવને બ્રહ્મનો સંબંધ બતાવવામાં આવ્યો છે. જ્ઞાન દ્વારા પણ જીવ અને બ્રહ્મનું તાદાત્મ્ય બતાવવામાં આવ્યું છે. તદનુસાર જીવ અને પરમાત્મામાં કોઈ વાસ્તવિક ભેદ નથી. પણ માયાને કારણે ભેદ દેખાય છે.

( ૩ ) **કબીરનું માયાવર્ણન :** શંકરાચાર્યે માયાને ભ્રમરૂપે માની છે. શ્રીમદ્‌ભાગવત અનુસાર જે વસ્તુ ન હોવા છતાં અસ્તિત્વમય દેખાય અને જે આત્મામાં પ્રતીત ન થાય એને આત્માની માયા કહેવાય. શંકરાચાર્યે આ પ્રકારના ભ્રમને અધ્યાસ કહ્યો છે જેનો અર્થ અતદ્‌માં તદ્‌ બુદ્ધિ હોવી એમ થાય છે. કબીરજીએ પણ નિમ્નલિખિત પંક્તિઓમાં આ જ ભ્રમ વિષે ઈશારો કર્યો છે.

" પાહણ કેરા પૂતલા, કરિ પૂજૈ કરતાર,
ઈહિ ભરોસે જે રહે તો બૂડે કાલીધાર. "

પથ્થરના પૂતળામાં બ્રહ્મની ભાવના એ ભ્રમ છે કારણકે એ તો વાસ્તવિક રીતે જોતાં પથ્થર છે, ઈશ્વર નથી. પથ્થરને ઈશ્વર સમજવો રજ્જુને સર્પ માની લેવા જેવો ભ્રમ છે. આ રીતે જોતાં કબીરજીની માયા વેદાન્તની જેમ એક પ્રકારની ભાવાત્મક ભ્રાન્તિ છે. આ ત્રિગુણાત્મિકા પ્રકૃતિ જ માયા છે. કબીરજીની માયા ગુણધર્મ અને સ્વભાવ પ્રમાણે સાંખ્યવાદીઓની પ્રકૃતિ સાથે મળતી આવે છે. સાંખ્યની જેમ કબીર માયાને ત્રિગુણાત્મિકા માને છે. સમગ્ર સૃષ્ટિ એમાંથી જ ઉત્પન્ન થઈ છે. ત્રિગુણાત્મિકા પ્રકૃત્તિ પરિવર્તનશીલ છે. સંસારની જેટલી પણ ગોચર વસ્તુઓ દેખાય છે તે બધી માયા છે અને પરિવર્તનશીલ છે. એટલા માટે જ કબીરજીએ

માયાને ઉત્પન્ન થનારી તથા વિનાશશીલ કહી છે. "ઉપજૈ વિનસે જેતી સર્વમાયા." આ માયાને લીધે જ જીવ આવાગમનના ફેરામાં ફસાયેલો છે. આ આવાગમન દુઃખનું કારણ છે તેથી જ માયા સ્વભાવે દુઃખ દેનારી છે. માયા સાધકને માટે બાધક છે. 'માયા મહા ઠગિની' છે. એ જ બંધન છે. મારુંતારું (મોર તોર) એની શૃંખલાઓ છે. જ્યાં સુધી આ શૃંખલાઓ છે ત્યાં સુધી જીવને મુક્તિ મળતી નથી.

કબીરજીની માયા અત્યંત વ્યાપક છે. સંસારમાં જે આદરમાન વગેરે છે તે માયા જ છે. જપ-તપ પણ બંધનરૂપ હોવાથી કબીર તેમને પણ માયારૂપ માને છે. એઓ અવતારવાદમાં માનતા નથી. તેથી દસ અવતારને પણ માયા જ કહે છે. 'દસ અવતાર ઈશ્વરી માયા.' આ માયા અત્યંત મોહક છે, આકર્ષક છે. કબીરજીના શબ્દોમાં :

"કબીર માયા મોહની, મોહે જાણ સુજાણ,
ભાંગા હી છૂટે નહીં ભરિભરિ મારે બાણ."
"કબીર માયા મોહની, જૈસે મીઠી ખાંડ,
સદ્ગુરુકી કૃપા ભઈ નહીં તો કરતી ભાંડ."

(૪) કબીરજીનું જગત વર્ણન : સૃષ્ટિ કે જગત સંબંધી જિજ્ઞાસા એ આધ્યાત્મિક વિચારધારાનું મૂળ છે. અનાદિ કાળથી આજ પર્યંત મનુષ્યના મનમાં સૃષ્ટિની ઉત્પત્તિ વિષે જિજ્ઞાસાઓ ઉત્પન્ન થાય છે. ઋગ્વેદના નાસદીય સૂક્તમાં આવી જિજ્ઞાસાઓનું વર્ણન છે. મહાત્મા કબીર પણ મહાન ચિંતક હતા. તેમના મનમાં પણ સૃષ્ટિ સંબંધી વિવિધ જિજ્ઞાસાઓ પેદા થઈ. કબીરના ગ્રંથોમાં આ જિજ્ઞાસાઓ જોવા મળે છે. એક ઉદાહરણ લઈએ.

"કરો ભઈયા અમ્બર કાસૂ લાગા, કોઈ જાનેગા જાનનહાર સભાગા,
અમ્બર દીસૈ કેતા તારા, કૌન ચતુર ઐસા ચિતરન હારા.
કહે કબીર જે અમ્બર જાને તાહિ સૂં મેરા મન માને."



જગતના અસ્તિત્વ વિષે દાર્શનિકોમાં અનેક મતભેદો છે. કોઈ એને સત્ય કહે છે તો કોઈ અસત્ય. કબીર જગતને જૂઠું કહે છે. એઓ સંસારને નશ્વર, મિથ્યા અને સ્વપ્નવત્ માને છે.

પ્રશ્ન એ ઊભો થાય છે કે કબીરજીએ આ વિષયમાં કોનું અનુકરણ કર્યું છે. બૌદ્ધોનું કે વેદાંતીઓનું ? સંસારને મિથ્યા બન્ને માને છે. ગૌડપાદાચાર્ય જે શંકરાચાર્યના ગુરુ હતા. તેઓ બૌદ્ધોની જેમ જ સંસારને સ્વપ્ન સમાન અને માયિક માને છે. જ્યારે શંકરાચાર્ય એમના ગુરુ કરતાં જુદું માને છે. એ સૃષ્ટિને માત્ર સ્વપ્નવત્ માનવા તૈયાર નથી. એમણે પોતાના માયાવાદ ને બ્રહ્મ સાથે જોડીને વ્યક્ત કર્યો છે. કબીર મુખ્યત્વે શંકરાચાર્યના સિદ્ધાંતને અનુસરે છે, બૌદ્ધોનાં સિદ્ધાંતને નહિ. આ વાત સમજવા આપણે કબીરજીનાં નિમ્નલિખિત કારણો જોઈએ.

(૧) કબીરજી પૂર્ણ આસ્તિક હતા એ બધું જ બ્રહ્મમય માનતા હતા 'सर्वं खल्विदं ब्रह्म'ના એઓ પૂર્ણ અનુયાયી હતા. બ્રહ્મતત્ત્વને જ તેઓ જગતનો આધારસ્તંભ માને છે.

"જો તુમ દેખો સો યહ નાહીં,
યહ પદ અગમ અગોચર માહીં."

અર્થાત્ આ જે દશ્ય જગત દેખાય છે તે સાચું નથી. જેમાં એ રહેલું છે તે તત્ત્વ તો અગમ અને અગોચર છે.

(૨) કબીરજીએ સૃષ્ટિની ઉત્પત્તિ પૂર્વેનું જે વર્ણન કર્યું છે તે બૌદ્ધોના શૂન્યવાદથી વિરુદ્ધ છે. તેઓ સ્પષ્ટ કહે છે કે સૃષ્ટિના પૂર્વે જ્યારે કાંઈ ન હતું તે વખતે પણ નિર્ગુણ તત્ત્વ હતું પરંતુ એનું વર્ણન થઈ શકે એમ નથી, કારણ એને નામરૂપનાં બંધનોથી બાંધી શકાય તેમ નથી.

(૩) કબીરજીએ જગતને સેમરના ફૂલ સમાન કહ્યું છે. સેમરનાં ફૂલ સમાન જગત પણ સત્ હોવા છતાં સારહીન છે. ઉદાહરણાર્થ :

"યોં ઐસા સંસાર હૈ જૈસા સૈંવલ ફૂલ,
દિન દસ કે વ્યૌહાર કો જૂઠે રંગિ ન ભૂલ."

આ ચર્ચાથી સિદ્ધ થાય છે કે કબીરે જગત સંબંધી વિચારણામાં શંકરાચાર્યના વેદાન્તનું અનુસરણ કર્યું છે. કબીરજીએ સૃષ્ટિની ઉત્પતિ ૐકારથી થઈ છે એમ દર્શાવ્યું છે. શંકરાચાર્યે સૃષ્ટિની ઉત્પત્તિ શબ્દથી જ માની છે. બ્રહ્મ-તત્ત્વ જ સંસારનું ઉપાદાન અને કારણ છે. કબીરની કેટલીક પંક્તિઓ પરથી વિદ્વાનોએ એમને સાંખ્યના ગુણપરિણામ-વાદના અનુયાયી માન્યા છે પરંતુ એ સાચું નથી. એમણે આ બાબતમાં વેદાંતીઓનું જ અનુસરણ કર્યું છે. વેદાન્તમાં સાંખ્યની "૨૫" પ્રકૃત્તિની જગ્યાએ અષ્ટધા પ્રકૃત્તિનું પ્રતિ-પાદન છે. કબીરજીએ અષ્ટધા પ્રકૃતિનું વર્ણન કર્યું છે.

❋

તમે જે કહેશો એ વિશે લોકો કદાચ શંકા કરે, પણ તમે જે કરી બતાવશો એ તેઓ માનશે.

આપણે જે કામ નથી કરતા તેનો થાક અનુભવીએ છીએ-જે કરીએ છીએ તેનો નહિ.

નાનપણમાં મેં જોયું કે હું કામ કરતો તેમાંનાં દસમાંથા નવ નિષ્ફળ નીવડતાં. પણ મારે નિષ્ફળ નીવડવું નહોતું—એટલે પછી મેં દસગણું વધારે કામ કરવા માંડયું.

– બર્નાર્ડ શૉ



# પ્રકાશના પંથે

શ્રી યોગેશ્વરજી
સંક્ષેપક : દીપકભાઈ પ્ર. મહેતા

## પ્રકરણ ૧૨ : પ્રેમની દશા

રાતે કોઈ કોઈ સાધકો વહેલા ઊઠીને જપ કે ધ્યાન કરવા બેસે છે. પરંતુ ઘણી વાર તેમને આળસ અને ઊંઘ સતા-વ્યા કરે છે. તેવા સાધકોએ ઊંઘમાંથી ઊઠીને મોઢું ધોઈ નાખવું જોઈએ. તેમ છતાં જો સુસ્તીનું આક્રમણ ચાલુ રહે તો થોડો વખત આંટા મારતાં પ્રભુસ્મરણ કરવું જોઈએ. તેથી ઘણો ફાયદો થશે. એવા સાધકોએ રાતે પેટ ભરીને ખાવાને બદલે સૂક્ષ્મ ભોજન કરવું જોઈએ. વળી રાતે જેટલું બને તેટલું વહેલું જમવું જોઈએ. તે વિના રાતે ને વહેલી સવારે તેને સાધનાનો સાચો આનંદ નહીં મળી શકે.

સંસ્થામાં સાંજનું ભોજન સવા છ વાગે થઈ જતું, સુવાનો સમય રાત્રે નવનો હતો. એટલે મધ્યરાત્રિ દરમ્યાન કે તે પછી ઊઠવામાં મુશ્કેલી ના લાગતી, ને પ્રાર્થના કરતાં કે ધ્યાનમાં બેસતાં આળસનો અનુભવ પણ ના થતો. નાન-પણથી મારું મન વધારે ભાગે વિચાર વિનાનું રહેતું. એટલે ધ્યાન કરતી વખતે મનને નિર્વિચાર કરવાનો પ્રશ્ન મારે માટે ખાસ ભારે ન હતો. મારે માટે ખાસ મોટો પ્રશ્ન દેહભાનને ભૂલી જવાનો ને સમાધિમાં પ્રવેશ કરવાનો હતો. તેના ઉકેલ માટે કોઈ પણ પ્રકારની સ્પષ્ટ સમજ વિના મારા પ્રયાસ ચાલુ રહેતા. મારા જીવનમાં તેવા પ્રયાસ વરસો સુધી રહ્યા. ત્યારે જ ઈશ્વરની કૃપાથી છેવટે દેહાતીત દશાનું દ્વાર મારે માટે ઊઘડી શક્યું. સૌથી આગળ તરી આવતી વિશેષ વસ્તુ તો એ હતી કે ઉત્તમ દશાના અનુભવ માટેના એ પ્રયાસ મારે ઈશ્વર પર શ્રદ્ધા રાખીને એકલે હાથે જ કરવા પડ્યા. સાધનાના

સંગ્રામમાં લાંબા વખત સુધી શરૂઆતમાં મારે એકલે હાથે જ લડવું પડ્યું. કોઈ બાહ્યશક્તિ કે ગુરુની દોરવણીનો લાભ મને ના મળી શક્યો, તેથી મારું કામ કઠિન જરૂર થયું. પરંતુ તેણે મને નિરાશ નથી કર્યો. મારી શ્રદ્ધા, ભાવના ને મહત્ત્વકાંક્ષા દિનપ્રતિદિન વધારે ને વધારે ઉત્કટ બનતી ગઈ, ને જેવી સમજ્યો તેવી સાધના પણ મેં ચાલુ રાખી. એમ વરસ પર વરસ વીતતાં ગયાં.

તે દિવસોમાં શરૂ થયેલી એક બીજી અનુભવ દશાનો ઉલ્લેખ પણ કરી લઉં. રામકૃષ્ણદેવનું જીવન વાંચ્યા પછી મને થયું કે તેમની જેમ મને પણ ઈશ્વરને મા-રૂપે ભજવાનું જ ગમશે. તે ભાવ મને વારસામાં મળ્યો હોય તેમ લાગ્યું. તેથી મેં પણ ઈશ્વરને જગદંબા માનીને પ્રાર્થના કરવા માંડી. રોજ રાતે જમ્યા પછી હું ઉપર અગાશીમાં જઈ બેસતો. વળી કોઈવાર સંસ્થાના મોટા મેદાનમાં આવેલા ચકડોળ પર બેસતો કે ચોપાટીના દરિયા કિનારે જતો. ત્યાં બેસીને જગદંબાનાં દર્શન માટે પ્રાર્થના કરતો. તે વખતે મારી દશા અજબ જેવી થઈ જતી. મારું હૃદય ભાવવિભોર અને કરુણ બની જતું. કેટલીક વાર મને માનાં દર્શન માટે રડવું આવતું. કોઈ વાર ભાવમાં ડૂબી જઈને હું અગાશીમાં કે ચોપાટીની રેતીમાં આળોટતો. તો કોઈ વાર કોઈ ભૂલને યાદ કરીને તે માટે પશ્ચાતાપ કરતાં પૃથ્વી સાથે માથું ઘસતો. વળી એમ પણ કહેતો કે હે મા, તમારું સુંદર રૂપ જોવાનું મને મન થયું છે: રામકૃષ્ણદેવની જેમ મારે તમારી સાથે વાતો કરવી છે: તો મારા પર કૃપા કરો. તમે તો માતા છો. પ્રેમની મૂર્તિ છો, તો મારી પાસે દોડી આવો ને મારી સંભાળ લો.

આ બધી વાત, હું ચૌદ વરસથી શરૂ કરીને પછીનાં ત્રણેક વરસ સુધી તે સંસ્થાના નિવાસ દરમ્યાનની મારી દશાની ઝાંખી માટે કરી રહ્યો છું. કોઈને એવી શંકા થવાનો સંભવ



છે કે 'એટલી નાની ઉંમરમાં તે પ્રેમની એવી દશા હોય ને પ્રેમના એવા પ્રબળ ભાવો દિલમાં જાગી શકે? પરંતુ જે જન્માન્તરમાં માને છે એને એવી શંકા કદી પણ નહિ સતાવે. આ પહેલાં ઘણા જન્મો વીતી ગયા છે, ને તેના સંસ્કાર વારસામાં મળ્યા છે તેમ એ તો જાણે જ છે. એ સારા કે નરસા કર્મ-સંસ્કારનો વારસો આ જીવન-ઘડતરમાં આરંભથી જ ભાગ ભજવે છે. એટલે ચાલુ જીવનમાં કોઈની ઉંમર નાની દેખાતી હોય તો તેને નાની જ માની લેવાની ભૂલ કરી બેસવાની જરૂર નથી. આવા પ્રબળ સંસ્કારવાળાં ધાર્મિક પાત્રો સંસારમાં ઘણાં થઈ ગયાં છે. તેમની વિશેષતા આગળ મારી વિશેષતા કાંઈ જ નહીં લાગે. જુઓને, ધ્રુવજીએ પાંચેક વરસની જ ઉંમરે તપ કરીને ભગવાનનું દર્શન કર્યું. પ્રહ્લાદે પણ નાની ઉંમરમાં જ ઉત્તમપદ મેળવી લીધું. શંકર, શુકદેવ, નારદ, જડભરત, અષ્ટાવક્ર ને જ્ઞાનેશ્વરે નાની ઉંમરે કેવું અલૌકિક કામ કર્યું! તેમની સરખામણીમાં મારું કે કોઈ સાધારણ માણસનું કામ શું વિસાતમાં છે? છતાં પણ તે જન્માંતરના અનુસંધાનમાં જ હતું એ જ કહેવા માગું છું.


પ્રેમની એ દશા ધીરે ધીરે વધતી ગઈ. કિનારા પરની રેતીમાં, ફૂલમાં, પતંગિયાની પાંખોમાં ને પંખીની સુમધુર સુરાવલીમાં માની જે હાજરી દેખાતી, ને માના જ પ્રેમનું દર્શન થતું. રસ્તે ચાલતાં જે કુમારી કે સ્ત્રીઓ મળતી તેમને પણ માની પ્રકટ પ્રતિમા માનીને મનોમન પ્રણામ કરવાની મેં ટેવ પાડેલી. એ દશા સહજ બની ગઈ. રાત્રે સૂતી વખતે પણ માના ખોળામાં માથું મૂકતો હોઉં એમ માનીને હું ઓસીકા ઉપર માથું મૂકતો. વેદાંતની 'બધે બ્રહ્મ'ની ફિલસૂફી એ રીતે મારે માટે જાણે અનુભવની સામગ્રી બની ગઈ.

❋

# શવાસન

શ્રી મણિભાઈ શાહ

ચિત્રપટ-૧૩




શવ એટલે શબ, અર્થાત મડદું. મૃત શરીરની સર્વ માંસપેશીઓ શિથિલ થઈ જાય છે. આ આસનમાં તેનું અનુકરણ કરી સંકલ્પપૂર્વક સ્નાયુઓ શિથિલ કરવાના હોય છે. તેથી આને શવાસન કહે છે.



સામાન્ય રીતે આપણા સ્નાયુઓ સતત તંગ કે તણુસ રહેતા હોય છે, અને તેથી મન પણ તંગ રહેતું હોય છે. શરીરને જો શિથિલ કરી તેની તંગતા દૂર કરતાં આવડી જાય તો શરીર સાથે મનની તંગતા પણ દૂર થાય છે. અને તેથી જ શવાસનને श्रान्तिहरं चित्तविश्रान्तिकारकम् કહ્યું છે. અર્થાત્ શરીરનો થાક હરે છે અને મનને પણ શાંતિ અર્પે છે. શવાસનમાં ચત્તા સૂઈ જવાનું છે પણ તેથી એ સહેલું નથી. થોડુંક અઘરું છે. પણ થોડો અભ્યાસ કરવાથી શવાસન કરતાં આવડી જાય છે.

**આસનની રીત :**

ચત્તા સૂઈ જાઓ. બંને પગ થોડા પહોળા અને બંને હાથ પણ થોડાક છેટે રાખો અને શરીરના તમામ અંગો ઢીલા છોડી દો. જુઓ ચિત્ર નં-૧.

પરંતુ શરીરનાં તમામ અંગો નીચેના ક્રમમાં શિથિલ કરો. પહેલા છાતી પછી પેટ ત્યાર પછી બંને પગ અને હાથ ઢીલા છોડો. છેવટે મન પણ શિથિલ કરી દો. આંખો બંધ રાખો. ક્રમમાં શિથિલ કરવાનો અભ્યાસ કર્યા પછી એક સામટા સર્વ અંગો શિથિલ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. આખરે તો સમગ્ર શરીરની શિથિલતા હાંસલ કરવાની છે.

જ્યારે અવયવો શિથિલ કરતા હોઈએ ત્યારે આપણું મન તે શિથિલ અવયવો પર એકાગ્ર કરવું જોઈએ.

માંસપેશીઓ કે અવયવોને શિથિલ રાખીને સાથે સાથે શ્વાસ ઉપર પણ ધ્યાન આપવાનું છે.

(૧) જે રીતે શ્વાસોચ્છ્વાસ ચાલતો હોય તેનું નિરીક્ષણ કરવું. શ્વાસ ઊંડો લેવાનો પ્રયત્ન ન કરવો અને મન શ્વાસોચ્છ્વાસ પર એકાગ્ર કરી દેવું. મનને જ્યાંત્યાં ભટકવા ન દેવું. શરૂઆતમાં આ પ્રમાણે ૩–૪ મિનિટ સુધી નિરીક્ષણ કરવું. થોડા દિવસ આનો જ અભ્યાસ કરવો.

(૨) થોડા અભ્યાસથી માલૂમ પડશે કે શ્વાસોચ્છ્વાસ અનિયમિત રીતે ચાલે છે અને શ્વાસ તથા ઉચ્છ્વાસ એકસરખા સમયના પણ નથી. પ્રત્યેક શ્વાસ પણ એકધારો સરખો નથી એટલે હવે શ્વાસ અને ઉચ્છ્વાસને સરખા સમયના કરવાના છે. એમ કરવા જતા જે લાંબો હોય તેને ટૂંકો અને ટૂંકો હોય તેને લાંબો કરી બંને સરખા કરવાના છે. આઠદસ દિવસ દરરોજ ૧૦થી ૧૫ મિનિટ સુધી આનો મહાવરો કરવો.

(૩) શ્વસનક્રિયા તાલમય થઈ ગયા પછી શ્વાસ, ઉચ્છ્વાસ દીર્ઘ અને ઊંડા થવા જોઈએ. પરંતુ બંને સતત સરખા સમયના રહે તે લક્ષમાં રાખવાનું છે અને સહજ રીતે કરવાનું છે.

આસનમાં શ્વાસોચ્છ્વાસની ગતિ ઉપર મન સતત કેન્દ્રિત રાખવું જોઈએ. આ એકાગ્રતા જ મહત્ત્વની વસ્તુ છે.

આ બધી પ્રક્રિયાઓ જરાય ઉતાવળ કર્યા વિના ધીરજથી કરવાની છે. અને પહેલી ક્રિયા આવડે પછી બીજી અને બીજી આવડે પછી ત્રીજી ક્રિયા માટે આગળ વધવું જોઈએ. શવાસન દરરોજ બે વાર ૧૦–૧૦ મિનિટ સુધી કરી શકાય.

ફાયદા :

(૧) સ્નાયુઓ કાર્યક્ષમ બને છે.

(૨) અશુદ્ધ રક્તવાહિનીઓનું રૂધિરાભિસરણ ત્વરિત બને છે અને તેથી થાક ઊતરે છે.

(૩) જ્ઞાનતંતુઓ સતેજ બને છે તેમ જ દેહ મનને સ્ફૂર્તિ મળે છે.

## મકરાસન

મકર એટલે મગર. નદીકાંઠે તડકો ગાળતું મગર આરામથી શિથિલ થઈને પડ્યું રહે છે તેવી રીતે આ આસનમાં પડ્યા રહેવાનું હોઈ આને મકરાસન કહે છે.



આસનની રીત :

પેટભર બઠ્ઠા સૂઈ જાઓ. પાનીઓ સામસામે અને પંજાઓ બહારની બાજુ આવે તેમ બંને પગ લાંબા કરો. જુઓ ચિત્ર નં. ૨

પછી બંને હાથ કોણીમાંથી વાળી જમણા હાથે ડાબું બાવડું અને ડાબા હાથે જમણું બાવડું કોણી પાસે પકડો અને જે હાથ નીચે અંદરના ભાગમાં આવે તેની ઉપર કપાળ મૂકી દો. શરીર ઢીલું છોડી દો.

હવે શ્વાસોચ્છ્વાસ સરખા કરો અને સહજ રીતે દીર્ઘ કે ઊંડા લેવાનો મહાવરો કરો. પણ શ્વાસ અને ઉચ્છ્વાસ એટલે કે અંદર જતો શ્વાસ અને બહાર નીકળતો ઉચ્છ્વાસ સરખા સમયના હોવા જોઈએ. આ આસન ૫ મિનિટ સુધી કરી શકાય.

આ આસનમાં શવાસનની જેવો જ પણ થોડાક ઓછા પ્રમાણમાં લાભ થાય અને પેટ દબાયેલું રાખીને શ્વસનક્રિયા થતી હોઈ જઠરાગ્નિ પ્રદિપ્ત કરે છે.

## દક્ષિણાસન

આ આસન આરામથી સૂવાની એક રીત છે. જમણે પડખે સૂવાનું હોઈ દક્ષિણાસન કહે છે. ડાબે પડખે પણ આ આસન કરી શકાય.

જમણા પડખે સૂઈ જાઓ – માથા નીચે બહુ ઊંચું નહીં એવું નાનકડું ઓશીકું રાખો. જમણો હાથ અને ડાબો પગ ચિત્રમાં બતાવ્યા પ્રમાણે વાળી બંને ગોઠવો અને જમણો પગ અને ડાબો હાથ પણ બરોબર ગોઠવી હાથ–પગ અને શરીર ઢીલું છોડો. જુઓ ચિત્ર નં. ૩

શ્વાસોચ્છ્શ્વાસ સ્વાભાવિક રીતે સમાન રીતે ચાલવા દેવો. કોઈ પણ જાતનો સભાન પ્રયત્ન કરવાનો નથી. આ આસનથી ઘણો વખત સૂવાથી જે આરામ મળે છે તે થોડા વખતમાં મળી રહે છે.

# શિવસંકલ્પ ઉપનિષદ

પ્રિન્સિપાલ એસ. સી. પાઠક

રૂદ્રીના પહેલા અધ્યાયના ૫ થી ૧૦ મંત્રો મહર્ષિ યાજ્ઞવલ્કયે રચેલા છે. તેને શિવસંકલ્પ ઉપનિષદ કહેવાય છે. વળી આ મંત્રો યજુર્વેદના ૩૪ મા અધ્યાયમાં એકથી છ મંત્રોમાં આવેલા છે. મન સદા ધર્મમાં જ પ્રવર્તે અને કોઈ પણ દિવસ પાપી ન બને, તે માટેના આ છ મંત્રો છે.

મંત્ર ૧.

यज्जाग्रतो दूरमुदैति दैवं तदु सुप्तस्य तथैवैति ।
दूरंगमं ज्योतिषां ज्योतिरेकं तन्मे मनः शिवसंकल्पमस्तु ॥

પદચ્છેદ :

यत् जाग्रतः दूरम् उदैति दैवं तदु सुप्तस्य तथैव एति ।
दूरंगमं ज्योतिषां ज्योतिरेकं तन्मे मनः शिवसंकल्पम् अस्तु ॥

અઘરા શબ્દો :

दैवं – મન
उदैति – જાય છે
ज्योतिषां ज्योतिरेकं – જ્ઞાનેન્દ્રિયોનું એક માત્ર પ્રવર્તક
शिव – કલ્યાણમય, ધર્મપ્રવર્તક, શાંત કલ્યાણ કારણ.

૧. અર્થ :

જે જાગૃત અવસ્થામાં દૂર દૂર જાય છે અને સુષુપ્તિ અવસ્થામાં નજદીક રહે છે, અને જે (અતીત – અનાગત – આદિપદાર્થનું ગ્રાહક) દૂરગામી છે અને જે જ્ઞાનેન્દ્રિયોનું એક માત્ર પ્રકાશક અથવા પ્રવર્તક છે તે મન કલ્યાણવાળા સંકલ્પોવાળું હોજો.



સમશ્લોકી :

જે જાગૃતિમાં અતિ દૂર જાતું, સુષુપ્તિમાં જે સમીપ વિભાતું.
અતીત જે મન બહુ દૂર રહેતું, વ્યવહિત પદાર્થો મહીં જે રહેલું.
જ્ઞાનેન્દ્રિયોમાં વિભુને વરેલું, કલ્યાણ સંકલ્પ સુધા ભરેલું.
મારું સદાયે મનડું રહેજો, સર્વે નસોમાં પ્રભુતા વહેજો.

વિવેચન :

આ મંત્રમાં મનનાં આઠ લક્ષણો વર્ણવ્યાં છે.

૧. મન જાગૃત અવસ્થામાં અતિ દૂર જાય છે.

૨. સુષુપ્તિ અવસ્થામાં મન નજદીક હોય છે.

૩. મન અતિદૂરગામી છે.

૪. પંચ જ્ઞાનેન્દ્રિયોનું તે પ્રકાશક અને પ્રવર્તક છે.

૫. મન દૈવં છે એટલે મન ઈશ્વરીય છે. મન આત્મામાં લીન થતાં પરબ્રહ્મ પરમાત્મામાં તદ્રુપ થાય છે.

૬. મન એ જ દૈવં એટલે નસીબ છે. સંસારના બંધન અને મોક્ષનું સાધન છે. मन एवं मनुष्याणां कारणं बंध मोक्षयोः

૭. મન એક અવિનાશી તત્ત્વ છે અને જ્યોતિરૂપ છે. જાગ્રત અવસ્થામાં ચક્ષુરાદિ વિષયોથી દૂર છે. તે મન શિવ-પરમાત્મામાં સ્થાયી બનો અને પરમાત્માની ઉપાસનારૂપ સદા રહો તે ભાવના છે.

૮. મન સદા કલ્યાણ સંકલ્પવાળું રહેવું જોઈએ, એટલે કે ધર્મમય રહેવું જોઈએ કે જેથી તેના વડે જ્ઞાન થતાં મોક્ષ સાધી શકાય.

જાગતા મનુષ્યનું મન ચક્ષુરાદિની અપેક્ષાએ અતિ દૂર દૂર જાય છે, તેવી જ રીતે સૂતેલા મનુષ્યનું મન ચક્ષુરાદિની અપેક્ષા ન હોવાથી નજદીક રહે છે. મન આમ પ્રકાશમાન અને આત્મગ્રાહક છે. આથી સૂતેલ પુરુષનું જે મન જે પ્રકારે

લીન થયેલ હોય છે, તે જ પ્રકારે પુનરાગમન કરે છે. આમ મન અતીત, અનાગત, વર્તમાન, વિપ્રકૃષ્ટ, દૂર રહેલ અને વ્યવહિત પદાર્થોનું ગ્રાહક છે. જ્યાં વિજ્ઞાનાત્માદેવ પ્રકાશે છે ત્યાં મન વર્તમાન હોવાથી તેને દૈવં કહ્યું છે. એટલે કે તે ખરેખર आत्मग्राहक છે, दैवं देवो विज्ञानात्मा तत्र भवं—आत्मग्राहकं. વળી આ વિષયમાં શ્રુતિનું પ્રમાણ છે કે मनसैवानुद्रष्टव्यमेतद् प्रमेयं ध्रुवम् આત્મા મન સાથે અને મન ઈન્દ્રિયો સાથે તથા ઈન્દ્રિયો વિષય સાથે સંયુક્ત થાય તે ન્યાય સ્પષ્ટ છે; એટલે કે મન ज्योति षां ज्योति છે. પંચ જ્ઞાનેન્દ્રિયો જેવી કે શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, જિહ્વા અને ઘ્રાણ–તે સર્વેનું મન પ્રકાશક છે, અથવા પ્રવર્તક છે. મન વગર જ્ઞાનેન્દ્રિયો કામ કરી શકતી નથી. ચિદાભાસયુક્ત મનથી જ ઈન્દ્રિયો પદાર્થોને વિષય કરી શકે છે, કારણકે પદાર્થોમાં કે ચિદાભાસ વગરનાં જડ ઈન્દ્રિયાદિકમાં સત્તા અને સ્ફુરણ બંને બનતાં નથી.

મન કલ્યાણ સંકલ્પવાળું અથવા ધર્મપ્રવર્તક થતાં વિશુદ્ધ થાય છે. માત્ર વિશુદ્ધ મનથી જ પરમાત્માનું અથવા બ્રહ્મનું જ્ઞાન થાય છે અને મનુષ્યને ફરી જન્મ લેવો પડતો નથી. એટલે કે તે મોક્ષ કે મુક્તિ પામે છે. આ બારામાં રૂદ્રીના બીજા અધ્યાયમાં એટલે કે पुरुष सूक्तના ૧૮મા શ્લોકમાં સ્પષ્ટ કહ્યું છે કે:

> वेदाहमेतम्पुरुषम्महान्त मादित्यवर्णन्तमसः परस्तात ।
> तमेवविदित्वातिमृत्युमेतिनान्न्यः पन्थाविद्यतेयनाय ॥

પદચ્છેદ :

> वेदाहं प्रतं पुरुषं महान्तम् आदित्य वर्णन् तमसः परस्तात ।
> तम एव विदित्वो अतिमृत्यम् एति न अन्यः पन्थोः विद्यतो अयनाथ ॥

સૂર્ય સમાન વર્ણવાળા અજ્ઞાનરૂપી અંધકારથી અતિદૂર આ મહાન સર્વોત્કૃષ્ટ પુરુષને હું જાણું છું તેને (જ્ઞાનથી)



જાણવાથી જ મુક્તિ મળે છે. તે સિવાય મુક્તિ અથવા મોક્ષ માટે બીજો કોઈ માર્ગ નથી.

માટે જીવનમાં મોટામાં મોટો પુરુષાર્થ મનને શિવમય અથવા ઈશ્વરમય બનાવવું તે છે. કે જેથી જીવ શિવ થતાં મુક્તિ અથવા મોક્ષ પામે.

**મંત્ર ૨.**

> येनकर्माण्यपसोअनीषिणो यज्ञे कृण्वन्ति विदयेषु धीराः ।
> यदपूर्वं य्यक्षमंतः प्रजानान्तन्मेमनः शिवसंकल्पमस्तु ॥

પદચ્છેદ :

> येन कर्माणी अपसः मनीषिण यज्ञे कृण्वन्ति विदयेषु धीराः ।
> यद् नपूर्वं यक्षमन्तः प्रजानां तत् मे मनः शिवसंकल्पमस्तु ॥

અઘરા શબ્દો :

अपसः – નિષ્ઠાવાળા, અનુષ્ઠાનમાં તત્પર
मनीषिणः – મનવાળા યજ્ઞ વિષયક, કાર્યમાં તીવ્રબુદ્ધિ વાળા
कृण्वन्तिः, कुर्वन्ति – કરે છે. प्रजानां – પ્રાણી માત્રમાં
यक्षं – પૂજ્ય अपूर्वं – આત્મરૂપ

જે મન વડે કર્માનુષ્ઠાનમાં તત્પર બુદ્ધિસંપન્ન મેધાવી પુરુષો યજ્ઞમધ્યે કર્મ કરે છે, અને જે મન આત્મરૂપ, પૂજ્ય અને પ્રાણી માત્રમાં રહેલું છે, તે મારું મન કલ્યાણકારી સંકલ્પવાળું બનો.

સમશ્લોકી :

નિષ્ઠા ધીરે ધીરે કર્મો કરંતા મેધાવી યજ્ઞે મનને ધરંતા,
સર્વેન્દ્રિયોની પ્રથમે સૃજેલું અપૂર્વને પૂજ્ય સહુમાં રહેલું.
સર્વે ઉરોના પ્રણયે વસેલું કલ્યાણ સંકલ્પસુધા ભરેલું,
મારું સદાયે મનડું રહેજો સર્વે નસોમાં પ્રભુતા વહેજો.

વિવેચન

જો મન સ્વસ્થ હોય તો જ કોઈ પણ મનુષ્ય જ્ઞાનયજ્ઞ કાર્યની અથવા કોઈ પણ કર્મની પ્રવૃત્તિ સંભવે છે. મેધાવી પુરુષો મનને સ્વસ્થ રાખવા સતત પ્રયત્નશીલ રહે છે અને તેથી તેઓ જ્ઞાન યજ્ઞાનુષ્ઠાન કર્મો કરી શકે છે. વળી ઇન્દ્રિયોની સૃષ્ટિ પહેલાં મનની સૃષ્ટિ સર્વત્ર થયેલી જોવાથી મન અપૂર્વ છે અથવા તો अपूर्वमनपरमबाह्यम् એ ઉક્તિથી મન અપૂર્વ એટલે આત્મરૂપ છે. પ્રાણી માત્રમાં ઇતર ઇન્દ્રિયો જ્યારે બહિ-સ્થાને છે ત્યારે આ મન તો અન્તરિન્દ્રિય છે.

રાગદ્વેષનાં બંધનોને દૂર કરવાનું સાધન સ્વસ્થ મન સતત અભ્યાસથી અને નિદિધ્યાસનથી પ્રાપ્ત થાય છે અને ત્યારે જ જ્ઞાન થાય છે. જેમ પથ્થર મેળવવા માટે પથ્થરની રગમાં વાટ નાખતાં પથ્થરા ઊડી જાય છે. તેમ આત્મા અને રાગ વચ્ચે જ્ઞાનરૂપી વાટ નાખતાં રાગો ઊડી જાય છે અને મનનો લય આત્મામાં થાય છે. આજ ધર્મનો મુખ્ય માર્ગ છે, અથવા તો અતીન્દ્રિય આનંદનો માર્ગ છે. રાગમાંથી મન ખેંચી ચૈતન્યમાં રત થાય તેનું નામ વૈરાગ્ય. પુણ્ય પાપનો અભાવ તે વૈરાગ્ય. ચૈતન્યમાં યુક્ત મન તે વૈરાગ્ય. માટે મન આત્મરૂપ અથવા આત્મપથગામી છે ને ત્યારે તે પૂજ્ય છે. (વધુ આવતા અંકે)

❋

[છોટાઉદેપુરના સંસ્મરણો — અનુસંધાન પૃ. ૬૪નું ચાલુ]

પૂ.શ્રીએ એ પ્રેમભર્યા પ્રસ્તાવનો આભાર પ્રદર્શન સહિત અસ્વીકાર કર્યો. ને જણાવ્યું કે, "તમારી સદ્‌ભાવનાને માટે ધન્યવાદ ઘટે છે, જ્યારે આશ્રમની આવશ્યકતા હશે ત્યારે વિચારીશું." છોટાઉદેપુરના નગરજનોની વચ્ચે સત્સંગ અર્થે ફરી વાર આવવાનું ગમે એવાં સુખદ સંસ્મરણો સાથે અમે એ શાંત સુંદર સત્સંગમય વાયુમંડળવાળા સ્થાનની વિદાય લીધી.



# છોટાઉદેપુરનાં સંસ્મરણો

શ્રી સર્વેશ્વરી

મરણતોલ માંદગીમાંથી મહાત્મા શ્રી યોગેશ્વરજી ઈશ્વર-કૃપાથી બેઠા થયા. વડોદરા આરામ માટે આવ્યા. થોડીક સ્વસ્થતા આવતાં એમનાં થોડા થોડા દિવસોને અંતરે બે વાર પ્રવચનો ગોઠવાયાં. વડોદરાની જનતાએ એ પ્રવચનોનો સર્વ-શ્રેષ્ઠ લાભ ઉઠાવ્યો.

એ પ્રવચનો દરમ્યાન વડોદરાના સાધક ભાઈ શ્રી વિજય-સિંહ રાણાની સાથે અજાણ્યા ભાઈ પૂ. શ્રી યોગેશ્વરજીને મળવા આવી પહોંચ્યા. ઔપચારિક વાતો પછી આવનાર ભાઈએ છોટાઉદેપુરમાં પ્રવચનોને માટે આમંત્રણ આપ્યું. એ ભાઈએ રાજકોટમાં પૂ.શ્રીનાં પ્રવચનો સાંભળ્યાં હતાં. તેઓ નોકરી અર્થે છોટાઉદેપુરમાં રહેતા હતા. પૂ.શ્રીએ કહ્યું કે "છોટાઉદેપુરમાં બેત્રણ વરસથી પ્રવચન માટેનું આમંત્રણ આવે છે, જોઈશું, બેત્રણ દિવસમાં તમને જણાવીશું."

સામાન્ય માનવીઓ પોતાના અગત્યના કાર્યમાં વડીલો, સ્વજનો, મિત્રોની સલાહ લેતા હોય છે. જ્યારે પૂ.શ્રીએ છોટા-ઉદેપુર જવું કે કેમ તે બાબતની સલાહ પરમશક્તિ પાસે માંગી. હંમેશાં નાની નાની બાબતોમાં પણ તેઓ પરમશક્તિની આજ્ઞા મુજબ વર્તતા હોય છે. પરમશક્તિ સાથે અનુસંધાન સાધવાની એવી અસાધારણ શક્તિ ઘણી ઉગ્ર તપશ્ચર્યાને અંતે ૧૯૬૦થી પૂ.શ્રીને મળી છે. એટલે સ્વાભાવિક રીતે જ તેઓ એ રીતે પોતાનું દરેક કાર્ય કરતા હોય છે. એમના ઘનિષ્ઠ સંપર્કમાં આવ્યા સિવાય એ હકીકત નથી સમજાતી.

પૂ.શ્રીની ઇચ્છા સૂરત શહેરમાં પ્રવચનો આપવાની હતી, પણ પરમશક્તિએ સૂચના આપી કે સૂરત પછી નિરાંતે જવાશે, પહેલાં છોટાઉદેપુર જઈએ તે સર્વ રીતે અનુકૂળ રહેશે. આ

સૂચના પૂ.શ્રી માટેની આજ્ઞા હતી. જેથી પોતાની ઇચ્છાને ગૌણ ગણીને પરમશક્તિની ઇચ્છા કલ્યાણમય જ હોય છે એવી શ્રદ્ધાથી પ્રેરાઈને પૂ.શ્રીએ બે દિવસ પછી જણાવ્યું કે તા. ૯ થી ૧૪ જૂન સુધી પ્રવચનો ગોઠવી શકો છો. આમંત્રણ આપનાર ભાઈથી અમે પૂરા પરિચિત ન હતા. છોટાઉદેપુર નવું સ્થળ હતું. શ્રી કુમુદચંદ્ર વૈદ નામના એક સજ્જન પૂ.શ્રીને પ્રવચનથી જાણતા હતા, બાકી સમગ્ર કાર્યક્રમ અજાણ્યા સ્થળે અજાણી વ્યક્તિઓની વચ્ચે ગોઠવાયો હતો.

વડોદરાથી ૧૦૦ કિલોમીટર દૂર છોટાઉદેપુરમાં બેથી અઢી કલાકમાં અમે અમારા યજમાન સાથે પહોંચી ગયા. ત્યાં ગયા તો ખબર પડી કે ઉતારો કોઈ ત્રીજી જ જગ્યાએ ફેરવાયો છે. ગેસ્ટ હાઉસ અને રાણીના મહેલ એ બે સ્થળોમાંથી ઉતારાની પસંદગી કરવાની હતી. તેને બદલે એક સોસાયટીના ત્રીજા જ ઉતારા ઉપર અમને લઈ જવામાં આવ્યાં. ત્યાં પહોંચ્યા પછી પૂ.શ્રીને સહજ વિચાર આવ્યો કે હજી પણ ગેસ્ટ હાઉસમાં ઊતરી શકાય તો સારું. જેથી શ્રી જીતુભાઈ ગાંધીને ગેસ્ટ હાઉસની વ્યવસ્થા માટે મોકલ્યા. તે દરમ્યાન પૂ.શ્રીએ અહીં ત્રીજા ઉતારા ઉપર બેઠા બેઠા પરમશક્તિનો સંપર્ક સાધ્યો તો પરમશક્તિએ લખીને આપ્યું કે "ઊતરવાનું સરકીટ હાઉસમાં સારું નથી. રાણીના મહેલમાં પણ સારું નથી. બીજા કોઈ મકાનમાં નથી જવું. અહીં જ સૌથી સારું છે. ઉતારો અહીં જ રાખો. આ જ બરાબર છે. ઘર શ્રદ્ધાળુ છે એટલે લાભ આપો, કશી હરકત નથી." પૂ.શ્રીએ એ લખાણ અમને વંચાવ્યું. તે પછી શ્રી જીતુભાઈ પણ તપાસ કરીને આવી ગયા. એમણે જણાવ્યું કે ગેસ્ટ હાઉસ બરાબર નથી. આ જ બરાબર છે. એટલે તરત જ પૂ.શ્રીએ પરમશક્તિની સૂચના બતાવી. આશ્ચર્યયુક્ત આનંદ સાથે અમારે એ વાતને સ્વિકારવી જ પડી. મહાપુરુષની દૃષ્ટિને



સ્થળ કાળનાં બંધન નથી હોતાં એ અનુભવવા મળ્યું. અમારો ઉતારો એક જૈનભાઈના મકાનના મેડા પર હતો. તેથી એ ઉતારો સર્વ પ્રકારે અનુકૂળ રહ્યો.

છોટાઉદેપુર તાલુકાનું મુખ્ય નગર છે. વીસ હજારની વસ્તી ધરાવતા શહેરમાં હિન્દુ ને મુસ્લીમો બન્ને સપ્રમાણ જોવા મળે છે. રસ્તા સ્વચ્છ, વાતાવરણ શાંત, આસપાસ પર્વતમાળા વનરાજીથી સંપન્ન, નગરની મધ્યમાં તળાવ ને છેડા ઉપર નદી. નદીકાંઠે જાગનાથ મહાદેવનું સ્થાન. સમસ્ત શહેર આમ નાનકડું છતાં રળિયામણું લાગે છે. ત્યાં પથ્થરનો ઉદ્યોગ ખૂબ જ જાણીતો છે. આસપાસનાં જંગલોમાં ચારોળીનાં વૃક્ષો આવેલાં છે. શિક્ષણક્ષેત્રે બબ્બે હાઈસ્કૂલો, કોલેજ, કન્યાશાળાઓ પણ જોવા મળે છે.

પ્રવચનનું આમંત્રણ એકલે હાથે એક જ ભાઈએ આપેલું. આયોજન પણ એમણે જ કરેલું. પણ છોટાઉદેપુરના નગરજનોનો સહકાર તો જુઓ ! એ ભાઈને ગાયત્રી પરિવાર, અરવિંદ સોસાયટી અને હાઈસ્કૂલે માનદ્ સેવા આપીને ખૂબ જ સુંદર સહકાર આપ્યો. આમ ત્રણ વિભાગોના સહયોગથી દરબાર હોલમાં પૂ.શ્રીનાં પ્રવચનો ગોઠવાયાં.

પ્રથમ દિવસની સત્સંગીઓની હાજરી પ્રશંસનીય હતી. એ જોતાં થયું કે જનતા ભાવિકને સત્સંગપ્રિય છે. ધાર્યા કરતાં સારી સંખ્યામાં લાભ લે છે. પ્રવચનમાં નગરપતિ, ઓફિસરો, પ્રાંતઓફિસર, વિદ્યાર્થીઓ, શિક્ષકો જેવા શિક્ષિત સમુદાયે ભાગ લીધો.

પ્રવચનના દિવસો દરમ્યાન છોટાઉદેપુરમાં ભાગવત સપ્તાહનો કાર્યક્રમ પણ ચાલી રહેલો. ભાગવત કથાકાર રાજસ્થાન કોટાથી પધારેલા, તેમણે પૂ.શ્રીના પ્રવચનમાં આવવાની ઇચ્છા વ્યક્ત કરી. એ જ રીતે ડભોઈના શ્રી અનિરુદ્ધાચાર્યજી પણ છેલ્લે દિવસે દરબાર હોલમાં પ્રવચન દર-

મ્યાન પધાર્યા. જુદા જુદા દિવસે પધારેલા એ સંતપુરુષો પૂ.શ્રીની પાસે અલગ આસન પર વિરાજમાન થયા. પૂ.શ્રીના પ્રવચન વખતે તેઓએ પણ થોડું ઉદ્‌બોધન કર્યું. પ્રવચન પછી પૂ.શ્રીએ તેમની સાથે ખૂબ પ્રેમપૂર્વક વાતો કરી, અને એક સંતપુરુષને તો વાહનની સગવડ ન હોવાથી તેઓશ્રીને પૂ.શ્રીએ પોતાની સાથે જ મોટરમાં લીધા અને તેમના ઉતારે પહોંચાડ્યા.

દરેક સંતમહાત્માનું ભક્તમંડળ તે તે સંતમહાત્માને આદરભાવથી અવલોકતું હોય છે એ દૃષ્ટિએ એ બન્ને સંતોનું આગમન દરબારહોલમાં થવાનું હતું ત્યારે તેમનું આસન ક્યાં મૂકવું તે પ્રશ્ન આયોજકોને મૂંઝવવા લાગ્યો. કારણકે જેમનાં પ્રવચનો ચાલતાં હોય છે તે મુખ્ય સંતપુરુષની ઈચ્છા પ્રમાણે આવનાર સંતનું આસન મૂકવામાં આવે છે. પૂ.શ્રી યોગેશ્વરજીને એ બાબતમાં પૂછ્યું તો તરત જ તેમણે જણાવ્યું કે સમાજમાં જ્ઞાની, વિદ્વાન, સંત કે મહાત્મા હોય છે તે પોતપોતાના સ્થાને શ્રેષ્ઠ જ હોય છે. તેમનું આસન અન્ય સ્થાને ના રાખતાં મારા આસનની પાસે જ રાખવાનું હોય. પૂ.શ્રીમાં રહેલી ઉદારતા તથા સંતપુરુષો પ્રત્યેના આદર-ભાવને જોવાની આ પ્રસંગે મને તક મળી.

ઓરસંગ નદીને કિનારે જાગનાથ મહાદેવનું સુંદર સ્થાન આવેલું છે. ત્યાં બંગાળી મહંત રહે છે. તેઓ ૨૫ વરસથી ત્યાં જ રહે છે. એ સ્થાનને રમણીય બનાવવામાં, ખેતીવાડીથી સંપન્ન કરવામાં એમનો ફાળો અગત્યનો છે. ત્યાં ચોવીસ કલાક ધૂણી સળગ્યા કરે છે.

પૂ. શ્રી નાં પ્રવચનો ભગવદ્‌ગીતા ઉપર ચાલતાં હતાં. ગીતામાતાની શક્તિ, બીજ અને કીલક ઉપર જ્ઞાન–ચર્ચા ચાલતી હતી. પ્રવચનો સદાની પેઠે ખૂબ જ રસપ્રદ હતાં. એ નાનકડા કાર્યક્રમમાં એકવાર પ્રવચનની શરૂઆતથી જ વીજળી બંધ થઈ ગઈ. અમને થયું કે વીજળી ફરી ના આવે તો



ભજન તથા ધૂન ગવડાવીને કલાક પૂરો કરવો પડશે. પણ દશથી પંદર મિનિટમાં જ પ્રવચનના આયોજકોએ પોતાની મોટર કે જીપની બેટરીને ગોઠવી દઈને વીજળીની સુંદર વ્યવસ્થા કરી. એ રીતે એ જ્ઞાનામૃતનો લાભ જનતાને પૂરો પાડ્યો. પૂ.શ્રી સાથેની વાતચીત ઉપરથી પાછળથી જાણવા મળ્યું કે મોટાં મોટાં શહેરોમાં પણ વીજળી જતી રહેતી પણ કોઈએ આવી સુંદર વ્યવસ્થા નહોતી કરી. ધન્ય છે છોટાઉદેપુરના આયોજકોને.

પૂ. શ્રી ના ઉતારા ઉપર ભોજન તથા દૂધની વ્યવસ્થા થઈ હતી પણ દૂધ સારું નહોતું આવતું. પૂ. શ્રી એ તરત જ નીડરતાથી સ્પષ્ટ છતાં નમ્રભાવે કહી દીધું કે દૂધ સારું નથી આવતું. બીજા સંતપુરુષો એવી વાતને ચલાવી લેવામાં માનતા હશે, પણ પૂ. શ્રી ની એ અંગેની રીતભાત જુદી છે. પૂ. શ્રી કહે છે કે ભોજનની વાનગી પણ ભાવી હોય તો જ હા કહેવી. સાચી વાત જ જણાવી દેવી, જેથી સામેની વ્યક્તિ ભ્રમમાં ના રહે. વળી ગમે તેવું ચલાવી લઈને પેટ બગાડવું એના કરતાં યોગ્ય વાતને કહી દઈને વસ્તુ વિના ચલાવી લેવું વધારે સારું છે. ઘણીવાર હું પૂછું છું કે સંતમહાત્માને વળી પસંદ ને ના પસંદ શું? તો તે કહેતા કે જેવું તેવું ચલાવી લેવું, જેવું તેવું ખાવું, જેવા તેવા ફરવું, જેવાં તેવાં કપડાં પહેરવાં, જેવું તેવું બોલવું એ સંતમહાત્માનું ઉત્તમ લક્ષણ ના ગણાય. સંત-મહાત્મામાં સાદાઈ જોઈએ પણ સાથે સાથે સુઘડતા, સ્વચ્છતા પણ હોવી જોઈએ અને એ સર્વોત્તમ વસ્તુનો જ સ્વીકાર કરે તો સારું, એવું હું માનું છું.

સાત દિવસનાં પ્રવચનો દરમ્યાન છેલ્લા ત્રણ દિવસ માટે ધ્યાનવર્ગની પણ નગરજનોએ માંગણી કરી. અમારી સાથે વડોદરાથી પાંચેક ભાઈઓ સત્સંગ અર્થે ત્યાં આવીને રહેલા, તેમાં વડોદરા ધ્યાનકેન્દ્રના સંચાલક શ્રી રાજુભાઈએ એ ત્રણ દિવસ પૂજ્ય શ્રી વતી સફળ રીતે સંચાલન કર્યું. દરરોજ સવારે ૬ થી ૭ નો સમૂહ ધ્યાનનો સમય હતો છતાં સરેરાશ

૧૦૦ ભાઈબહેનોએ ભાગ લીધો. સાથે આસનો, પ્રાણાયામો અને ધ્યાનની પદ્ધતિનો રસપૂર્વક અભ્યાસ કર્યો.

પ્રવચનોની પૂર્ણાહુતિને દિવસે એક નવી જ પ્રણાલિકા જોવા મળી. નગરના પ્રતિષ્ઠિત વિદ્વાન સજ્જન શ્રી કુમુદચંદ્ર વૈદના હસ્તે પૂ. શ્રી ને સુંદર માનપત્ર અર્પણ થયું. તેમાં ફરીથી પધારવાની વિજ્ઞપ્તિ કરાઈ અને પૂ. શ્રી ની જ્ઞાનચર્યા તથા તપશ્ચર્યાને અંજલિ અર્પવામાં આવી.

પ્રસ્થાપિત પરંપરા પ્રમાણે પ્રવચનને અંતે આર્થિક ભેટ ધરવાની નગરજનોની ઇચ્છા થઈ. જેથી પૂર્ણાહુતિ પ્રસંગે ચાર આંકડાની મોટી રકમ પૂ. શ્રી ને અર્પણ કરવામાં આવી. પૂ. શ્રી એ તરત જ કહ્યું કે મને પૂછ્યું કેમ નહીં? મારે તો ઈશ્વરની કૃપાથી સારી રીતે ચાલે છે. તમે અહીં કોઈ ગરીબોની સેવાની સંસ્થામાં આ રકમનો ઉપયોગ કરજો. આયોજકોએ કહ્યું કે અહીં તો અમે મદદ કર્યા જ કરીએ છીએ અને કરીશું. આ રકમને તમે સ્વીકારો. તમે તમારા અંગત ખર્ચ માટે એનો ઉપયોગ ના કરો તો સેવાની પ્રવૃત્તિમાં ઉપયોગ કરજો. પણ અમે આ રકમને પાછી નથી લેવાના. પૂ.શ્રીએ એમના અતિશય આગ્રહ અને પ્રેમભાવને લક્ષમાં લઈને એ રકમને સ્વીકારીને મસૂરીના ગરીબ વિદ્યાર્થીઓની સહાયતા માટે એનો ઉપયોગ કરવામાં આવશે એવી જાહેરાત કરાવી. નાનકડું નગર છતાં કેવો પ્રેમભાવ, કેવો આદરભાવ, કેવી મૂકસેવા, જે કાંઈ આપવામાં આવ્યું તેમાં જાહેરાત કે દેખાવની તો વાત જ નહીં. ખૂબ જ શાંતિથી એ વિધિને એમણે પૂર્ણ કરી.

વિદાયને દિવસે શહેરના પ્રતિષ્ઠિત સજ્જન શ્રી શાંતિભાઈ તેમ જ નગરપતિ શ્રી ફકીરભાઈએ પૂ.શ્રીને છોટાઉદેપુરમાં જ આશ્રમ કરવા માટે વિનંતી કરી. શાંતિભાઈએ પોતાની જમીન આપવાનો ઉદાર પ્રસ્તાવ રજૂ કર્યો. ધન્ય છે એ નગરજનોને, ધન્ય છે એમના સંતપુરુષ પ્રત્યેના પ્રેમ અને આદરભાવને,

( અનુસંધાન પૃષ્ઠ ૫૮ ઉપર )

૧. શ્રી બાબુભાઈ વ્હોરા.
૩૧. ગવર્નમેન્ટ સરવન્ટસ સોસાયટી, નવરંગ પુરા, અમદાવાદ-૯

૨. શ્રી યોગેશ્વર સત્સંગ મંડળ
C/o શ્રી ઈશ્વરભાઈ એમ. શાહ, એ-૪. વિહાર કુંજ સોસાયટી. રણમુકતેશ્વર મહાદેવ પાસે, વડોદરા-૪

૩. પ્રો. ટી. જી. ભટ્ટ
૪૪, નંદનવન સોસાયટી, ઘોડદોડ રોડ, સુરત-૧.

૪. શ્રી શાન્તિભાઈ કનેરિયા
કનેરિયા એન્જીનિયરીંગ વર્કસ, ઢેબર રોડ, રાજકોટ-૧.

૫. શ્રી હરિભાઈ ભોજાણી
ગેસ્ટ હાઉસ રોડ મોરબી-૩૬૩ ૬૪૧

૬. શ્રી ચંદ્રકાન્તભાઈ પંડયા,
શિક્ષક, ખીરસરા

૭. શ્રી જે. વી. શાહ C/o. એસ. વી. એન્ટરપ્રાઈઝ.
૨૦૩, શારદા ચેમ્બર્સ, બીજે માળે, ૧૫, ન્યુ મરીન લાઈન્સ, મુંબઇ ૪૦૦ ૦૨૦

૮. શ્રી વિશ્વનાથ મૂ. જાની
૮૧, બાણગંગા રોડ, મઠની બાજુમાં, વાલકેશ્વર, મુંબઈ-૬

૯. શ્રી હરગોવિંદભાઈ ભટ્ટ
C/o. મેસર્સ વલિયા બ્રધર્સ પ્રા. લિ. ૮૯, મેડોઝ સ્ટ્રીટ, અરારત, ત્રીજે માળે, મુંબઈ-૨૩.

૧૦. શ્રી યોગેશ્વર ધ્યાન કેન્દ્ર
C/o. વિજયકુમાર પુરોહિત, સરકારી વસાહતની પાછળ, અંબિકા સોસાયટીની બાજુમાં, બેચરપુરા, પાલનપુર.

૧૧. શ્રી ભાઈલાલભાઈ છાટબાર
કૃષ્ણકુંજ, દાદા સાહેબ સામે, કાળાનાળા, ભાવનગર.

## એ તને ખબર છે ?

મારા ભાઈ!

તું કાશી, મથુરા ને દ્વારકામાં ફરે છે. પરંતુ તને ખબર છે કે મન મથુરા છે, કાયા કાશી છે અને દિલ દ્વારકા છે? ગંગા, જમના ને સરસ્વતી તારી અંદર જ છે.

ત્રિવેણીસંગમ પણ ત્યાં જ થઈ રહ્યો છે, તારી કાયામાં એ વાતના રહસ્યને તું જાણે છે ?

પુણ્યધામોનો પ્રવાસ ના કર એવું કહેવાનો આશય નથી. પરંતુ એકલી બહારની યાત્રા જ યાત્રા નથી અંદરની યાત્રા પણ છે.

તારું પ્રત્યેક પરમાણુ પવિત્ર છે, પ્રાણવાન છે. પ્રેરણાસ્પદ છે. તારા પોતાના દિલરૂપી દેવાલયમાં દેવોના દેવ બિરાજમાન છે. એમનાં દર્શનથી જ તને શાન્તિ સાંપડી શકે તેમ છે. એ વાતની તને ખબર છે ?

શ્રી યોગેશ્વર

ટાઈટલ : સરસ્વતી પ્રેસ મુદ્રિત